કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૫૯મું · અંક ૨ જો · ફેબ્રુઆરી ૧૯૮૨ · સળંગ અંક ૬૯૮

તંત્રી · બિહારીલાલ ટાંક
આદ્યતંત્રી · સ્વ. બચુભાઈ રાવત
સંસ્થાપક · સ્વ. રવિશંકર રાવળ



જડ
ચેતન
અને
આભાસ

કલાકાર
એમ. સી. એસ્ચર

વનવિસ્તારના કોઈ જળાશયના આ લિથોચિત્રમાં કલાકારે પાનખરમાં ખરી પડેલાં મૃત પર્ણો દ્વારા જડતા, પાણીની અંદર સરતા મત્સ્ય દ્વારા ચેતન અને વૃક્ષોનાં પ્રતિબિંબો દ્વારા આભાસ, એવાં એકબીજાંથી તદ્દન ભિન્ન એવાં ત્રણ ઘટકોની ચાતુરીપૂર્વક ઊંડાણભરી સુંદર રજૂઆત કરી છે.



ગોપ-ગોપી અને ગોધન (ખોડીદાસ પરમાર)

સૌરાષ્ટ્રની લોકકળાથી પ્રભાવિત કલાકારની લાક્ષણિક શૈલીની એક ભાતીગળ કૃતિ

ફેબ્રુઆરી ૧૯૮૨
સળંગ અંક ૬૯૮

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત · મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦–૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

વાચકો લખે છે...

'કુમાર' રાવત મરોડમાં, ડાબી બાજુના ખૂણામાં 'કુમાર'ના પહેલા અંકનું પૂઠું, તેમાં રાવત મરોડનો અણસાર, જમણી બાજુના ખૂણામાં બ. રા.ને હસ્તે તૈયાર થયેલા છેલ્લા અંકનું પૂઠું અને વચ્ચે સાડા છપ્પન વર્ષ સુધી 'કુમાર'ના પર્યાય બચુભાઈ રાવત. ધન્યવાદ. સ્વ. બ. રા. સ્મૃતિ-અંકનું પૂઠું આપની કોઠાસૂઝનું દ્યોતક છે.

વાચક ગણને ક્યાંથી જાણ હોય કે સ્મૃતિ-અંકના 'ખરા કામના દિવસોમાં' આપે આપની યુવાન બહેનને કૅન્સરની બીમારીમાં ખોઈ અને છતાં યે અંક કેવો સ-રસ! પ્રભુ આપનાં બહેનના આત્માને શાન્તિ અર્પે.

'કુમાર'ના સંસ્થાપક (સ્વ.) શ્રી રવિશંકર રાવળના શબ્દોમાં : 'મારા જીવનના પ્રત્યક્ષ સાક્ષી રૂપ આ પુસ્તક ('આત્મકથાનક') ગુજરાતની પ્રજા જ્યાં સુધી વાંચશે ને સાચવશે ત્યાં સુધી તો અમરત્વનો પટો ભોગવતો રહીશ. આવી અપ્રતિમ સંપ્રાપ્તિ માટે ખૂબ આગ્રહથી મને લખવાને પ્રેરનારા મારા સંસ્કારસાથી અને કુમાર કાર્યાલય લિ.ના રક્ષપાલ (ગાર્ડિયન) શ્રી બચુભાઈ રાવતને આ સફળતા અને સુયશનો અર્ઘ્ય હૃદયના નિગૂઢ ભાવો સાથે અર્પતાં હું પરમ સાર્થક્ય અનુભવું છું. આ ગ્રંથનું સર્જન અને પ્રકાશન કરવામાં શ્રી બચુભાઈ રાવતની નિષ્ઠા અને ભાવના પ્રબળ કારણ હતાં.' પોતાના સંસ્કારસાથી બ. રા.ના સ્મૃતિ-અંકથી શ્રી રવિશંકર રાવળનો આત્મા સંતર્પકતા અનુભવશે.

બ. રા.નું કાવ્ય 'વંદન જય ગુજરાત' 'જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી' પુસ્તક–૧૦માં પણ સ્થાન પામ્યું છે. (જુઓ છેલ્લે 'કવિતામાં ગુજરાત', પૃ. ૭–૮). પ્રસ્તુત કાવ્ય હાજી-મહમદ સ્મારક ગ્રંથમાં પણ પ્રગટ થએલું. (નિરંજન ભગત, 'કુમાર'–'૮૧ પૃ. ૨૭૭).

શ્રી બ.ક.ઠા.નું 'ગુજરાતનાં પ્રશસ્તિકાવ્યો' વ્યાખ્યાનમાં કથન છે : 'ગુજરાતી ભાષામાં પદ્યમાં અને સંગીતમાં ગુજરાતની ને હિંદની ઘણી પ્રશસ્તિઓ લખાઈ છે. એ બધી મેં વાંચી નથી, અને હિંદની પ્રશસ્તિઓ વિશે અહીં હું લખતો પણ નથી. ગુજરાતની જ પ્રશસ્તિઓ મહને અહીં મળી આવી તે ચોપડીઓ જોતાં વત્તીઓછી જાણીતી થવા પામેલી પણ સંખ્યાબંધ છે. તેમાંથી પ્રથમ ચોવીસ-પચ્ચીસની યાદી તમારી આગળ રજૂ કરું છું. (વિવિધ વ્યાખ્યાનો : ગુચ્છ ત્રીજો, દ્વિતીય આવૃત્તિ, ૧૯૭૩, પૃ. ૧૮–૧૯) અને તેમાં (પૃ. ૨૦) એમણે બચુભાઈના 'વંદન જય ગુજરાત'નો પણ ઉલ્લેખ કર્યો છે, તથા (પૃ. ૨૩ પરની) પાદપૂર્તિમાં 'રસકસવંતી ... ... રળિયાત' પંક્તિઓ ઉધ્ધૃત કરવામાં આવી છે.

મેં સ્વ. ભાઈજીને લખેલું કે બચુભાઈને 'આત્મકથા' લખવા સમજાવો. ભાઈજી બ. રા.ને બરોબર ઓળખે, પ્રત્યુત્તરમાં એ વિષે ભાઈજી ચૂપ. શ્રી ધીરુ પરીખના શબ્દોમાં, 'બચુભાઈએ આત્મકથા ધરાર ના આપી તે ના જ આપી. એમની સાથે એમનું બધું ગોપવીને એ ચાલ્યા ગયા.' (પૃ. ૨૪૮). બ. રા.ના ઘરમાં ખૂણેખાંચરે તેમની 'આત્મકથા'નો હસ્તલેખ 'નેપથ્ય' છુપાઈને પડ્યો નથી ને? ખોજ કરવી રહી.

બ. રા.ને 'સંસ્કાર' ચંદ્રક યા ઍવૉર્ડ એનાયત થયેલ છે કે કેમ? ન થયો હોય તો 'સંસ્કાર' ચંદ્રકની સરતચૂક. એનાયતતાથી ચંદ્રક સાર્થકતા પામત.

'કુમાર'ના પ્રકાશનના પ્રારંભના સંદર્ભમાં શ્રી ભોળાભાઈ પટેલનું કથન છે, '... અને 'કાન્ત'નો પૂર્વાલાપ પ્રકટવામાં હતો.' (પૃ. ૨૭૧). વાસ્તવમાં તા. ૧૬ જૂન, ૧૯૨૩ના રોજ 'કાન્ત'નો દેહ પડ્યો તે જ દિવસે અમદાવાદમાં 'પૂર્વાલાપ'ની પહેલી આવૃત્તિ બહાર પડી – ક્ષર દેહ નાશ પામ્યો અને અક્ષર-દેહે તેઓ અમર થયા.' ('પૂર્વાલાપ-ઉપોદ્ઘાત: રા. વિ. પાઠક, ૧૧મી આવૃત્તિ, પુનર્મુદ્રણ, ૧૯૭૭, પૃ. ૩૧)

(વડાલા) — વી. બી. ગણાત્રા

'કુમાર'ના જાન્યુઆરી '૮૨ના અંકમાં શ્રી વિજયગુપ્ત મૌર્યનો 'ભારતની બાલિકા અને વયોવૃદ્ધ નદીઓ' લેખ વાંચ્યો. એક અભ્યાસુ લેખકની કલમે લખાયેલો-કસાયેલો માહિતી સભર લેખ મનભર લાગ્યો. ઉત્તર-દક્ષિણની નદીઓની ઉંમર, સમય સાથે બદલાતાં વહેણની વિગતો વગેરેની સરસ માહિતી આપી છે. આ નદીઓને ભારતના નકશામાં પણ લેખમાંની વિગત પ્રમાણે દર્શાવી હોત તો સોનામાં સુગંધ ભળત. દા. ત. સીમલાની દક્ષિણે વહેતી સરસ્વતી તેમ જ સેંકડો ચો. માઈલમાં ફેલાએલા અને વસવાટલાયક બનેલા ગંગા-બ્રહ્મપુત્રનાં મુખ મેદાનોનો વિસ્તાર ક્યાંથી ક્યાં સુધી? હવે ગુજરાતની નદીઓના લેખમાં નકશાને સ્થાન મળે તો ગમશે. આવા માહિતીસભર લેખો 'કુમાર'ના વાચકોને મળ્યા કરે છે, તે ઘણા આનંદની વાત છે.

(બાબાપુર–અમરેલી) — જી. યુ. ગોહેલ

મીંડ* / ગીતા પરીખ

· મિશ્ર ·

પ્રભાતનું પોપચું ખૂલતું ને
આ સૃષ્ટિ આખી સસળે હળુંહળું.
ચૈતન્યની પાંખ પસારતું જતું
કો તેજ-પંખી નભ આવરી લે.

વાયુ તણા વાદ્ય પરે ટહુકે
કે કલ્રવોની સરગમ્ ઝીણેરી,
સંવેદનાની મુજ આ સિતારે
એ ઝીલતાં મીંડ સ્વરીલ જાગે.

એ મીંડ*ના બે સ્વર મધ્યમાં શા
ઝકારતા પ્રહર આઠ અનન્ય રાગે!

* મીંડ : સંગીતમાં એક સ્વર પરથી એનાથી થોડે દૂરના બીજા સ્વર પર જવું તે, પરંતુ તેમ જતાં વચ્ચેના સ્વરો પર મધુરતાથી ઘસાઈને જવું.

આ પ્રશ્ન / મુકુલ ચોકસી

· ગઝલ ·

આવી ગયો છે કાળ આ નાટકના અંતનો
ઊભું છે વૃક્ષ કોટ ઉતારી વસંતનો.

પૂરો ભલે ન થાય એ કોઈ જગા ઉપર
કિસ્સો શરૂ તો થાય છે ચોક્કસ અનંતનો.

કોના તરફ વધારે વફાદાર છે નદી?
આ પ્રશ્ન કાંઠાઓમાં ઊઠયો છે તુરન્તનો.

ગઝલ / હરીશ ધોબી

આંખને પણ સદા હસ્તગત નીકળ્યું
યાદ કરતાં જ આંસુ તરત નીકળ્યું.

દોષ મારો કે તારો નથી કોઈનો
આ સમજનું જ પગલું ગલત નીકળ્યું.

મારી જેમ જ એ ક્યારેય ઝૂક્યું નહીં
દર્દનું પણ મનોબળ સખત નીકળ્યું.

જો નથી એ ગઝલ તો પછી કોણ છે?
ખૂબ વેધક અને જે સતત નીકળ્યું.

સકલ સૂરત હું મોહન મોહન / ચંદ્ર પરમાર

· ગાન ·

શ્યામ કલાવંત વસે મુજ લોચન,
ઝગમગ અગણિત હું ઈશ લોચન;
ત્રિવિક્રમ ચાલે મમ પગલે,
આ રાસ સુવાસિત વૃંદાવન
શ્યામ કલાવંત...

કેલિ સલિલે વિભૂષિત યમુના વહેતી શ્યામ કલાધર જ્યોતિ,
ઉર પટ પર છબિ અંકિત નટવર શાં રૂપ ચગે જલબિંદુ મોતી;
એ રંગ તરંગિત મોતન માળા ફરતી અખંડિત મુજ ચિતવન.
શ્યામ કલાવંત...

લેલ વિલોલે કદંબ ડોલે ગ્હેંકે દ્રુતવિલંબિત છંદે,
લાલ લલિત ગીત મઘમઘ શ્વાસે વહેતા રાગ અનાહત નંદે,
એ હૃદય રાસ મુજ રંજિત રમણા ધરતી નભ કરતી મધુ સ્પંદન,
શ્યામ કલાવંત...

મેઘ ઝરૂખે વીજ ઝબૂકે રંગકમાને ફરકે તોરણ,
વ્યોમ પ્રકાશે સૂરજ સોમ આ નવલખ તારક અમુલખ દરપણ,
જોઉં સૂરત હું દરપણ દરપણ સકલ સૂરત હું મોહન મોહન.
શ્યામ કલાવંત...

પ્હાડ ઊતરતાં / કનૈયાલાલ મ. પંડ્યા

વસંતતિલકા - સૉનેટ

ચોપાસ આ ઊતરતો કલશોર સાથ
આ એક એક જણની મુજ પાસ ભીડ.
હું મૌન મૌન, કહીં ક્યાંક ચૂકી ગયેલ
ટેકો અને નિરગમે જ્યમ કોઈ વૃદ્ધ.

આ વૃક્ષના મુજ ભણી કરુણાર્દ્ર હાથ
ઝાઝા ઢળે, (પણ પણો પ્રિયનો અભાવ
સામે, નથી નથી થતું અહીં કોઈ મારું)
એથી જ ન્હોર થઈને અવ વીંટળાય.

કહેવું ઘણું, કયમ કયું, ચૂપ તો દિશાઓ
ને ચૂપ ચૂપ વધુ ચૂપ જ પથ્થરો આ.
કેવાં દ્રવે ઝરણ આ ઊછળી કૂદીને
આવી ન'તી કદી કઠી મુજ આંખ કોરી.

હું ઓગળું, બની રહું ચૂપચાપ પ્હાડ
ને ખીણમાં નીરવનો ઘુઘવાટ જાગે.

નવોઢાનું ગીત / મનહર જાની

· ગાન ·

અમે પાંદડુંક પાંપણે ઝૂલ્યાં—
અધૂકડું ખૂલ્યાં:
હથેળિયું હેલે ચડી!

અમે છાતીમાં ગેટમોટ મૂક્યું—
અષાઢવું ધડૂક્યું,
હથેળિયું હેલે ચડી!

અમે આંગળીની કોર્યમોર્ય પૂગ્યાં—
રનૂમડું ઊગ્યાં:
હથેળિયું હેલે ચડી!

અમે આછા ઉજાગરામાં જોયું—
લે, આયખું ખોયું:
હથેળિયું હેલે ચડી!

અમે પાંદડુંક પાંપણે ઝૂલ્યાં—

નિષ્ઠા

(સ્વ.) બહાદુરશાહ પંડિત

કોઈ ગુરુને ત્યાં એક શિષ્ય અભ્યાસ કરતો હતો. અભ્યાસ પૂરો થયો એટલે ગુરુએ શિષ્યને એક પોપટ આપ્યો અને કહ્યું, 'જ્યાં કોઇ હાજર ન હોય ત્યાં જઈ આ પોપટની ડોક મરડી નાખજે.'

શિષ્ય એક અઠવાડિયા સુધી આમતેમ ભટક્યો અને પછી જીવતો પોપટ લઈ ગુરુ પાસે પાછો આવ્યો.

'કેમ તને ક્યાંય પણ એકાંત ન મળ્યું ?' ગુરુએ પૂછ્યું.

'ના ગુરુજી! જ્યાંજ્યાં હું ગયો ત્યાંત્યાં મારા દેહ ઉપરાંત મારો આત્મા પણ હાજર હતો એથી મને આપે કહેલું એવું આવશ્યક એકાંત ક્યાંય મળ્યું નહિ.'

ગુરુએ શિષ્યને શાબાશી આપી અને કહ્યું, 'તેં મારી વિદ્યા પચાવી છે. જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જે આત્મનિષ્ઠ બને છે, નિષ્ઠાવાન બને છે એ જ ખરો જ્ઞાની છે.'

નિષ્ઠાની વ્યાખ્યા આમ આપી શકાય: હરક્ષણે જે આત્માની હાજરી અનુભવતો હોય એ નિષ્ઠાવાન. ધારો કે તમારા સાહેબ બહાર ગયા હોય અને તમે એકલા જ ઑફિસ-માં બેઠા હો અને તમે કામ કરો છો કે નહિ એની ચોકી કરનાર કોઈ નથી. તમે બેસી રહો તો પણ તમને કોઈ ટકોર કરનાર નથી. પણ એ સમયે તમે એકલા તો નથી જ. તમારો આત્મા તો હાજર જ છે એટલે ભલે તમારા સાહેબને છેતરી શકો પણ આત્માને તમે છેતરી નહિ શકો.

નિષ્ઠા એટલે પોતાની જાત પ્રત્યેની વફાદારી. ઓછામાં ઓછું તમને જે પગાર મળે છે એના પ્રમાણમાં તો તમારે કામ આપવું જ જોઇએ. આવી નિષ્ઠા એકલા શેઠ પ્રત્યે નથી હોતી. પતિપત્નીમાં પણ એકબીજા પ્રત્યે નિષ્ઠા હોવી જોઇએ. વ્યક્તિએ સમાજ અને દેશ પ્રત્યે પણ નિષ્ઠા રાખવી જોઇએ.

આપણે રાજ્યના કાયદાનું પાલન કરવામાં નિષ્ઠાનો અભાવ બતાવીએ છીએ. આવકવેરો ભરતાં આવક છુપાવવાના પ્રયાસો એ નિષ્ઠાનો અભાવ છે. રાત્રે સાઈકલ ઉપર બત્તી રાખવી જોઈએ એવો નિયમ છે પણ પોલીસ હાજર ના હોય તો આપણે બત્તી બળતી રાખતા નથી. આ નિષ્ઠાનો અભાવ છે.

મહાત્મા ગાંધીજી યરવડા જેલમાં હતા ત્યારે કસ્તૂરબા એમને મળવા આવ્યાં. ગાંધી-જીએ કસ્તૂરબા સાથે વાત શરૂ કરી ત્યારે જેલના નિયમ મુજબ એક અધિકારી બેઠો હતો. કોણ જાણે કેમ પેલા અધિકારીને લાગ્યું કે પોતાની હાજરીમાં પતિપત્ની બરાબર વાત નહિ કરી શકે એથી એ બહાર ચાલ્યો ગયો. પણ પેલો અધિકારી બહાર નીકળ્યો કે તુરત જ ગાંધીજીએ વાત બંધ કરી.

મુલાકાતનો નિશ્ચિત સમય પૂરો થયો એટલે પેલો અધિકારી પાછો આવ્યો ત્યારે આ પતિપત્ની ચૂપચાપ બેઠાં હતાં. એણે પૂછ્યું, 'તમે, આમ મૂગાં કેમ બેઠાં છો ?' ગાંધીજીએ જવાબ આપ્યો, 'હું જાણું છું કે જેલનો નિયમ છે કે જ્યારે કેદી મુલાકાતી સાથે વાત કરતો હોય ત્યારે જેલનો અધિકારી હાજર હોવો જોઇએ. તમે ગયા પછી મારે એ નિયમનું પાલન કરવું જોઇએ. એથી હું મારી પત્ની સાથે એક હરફ પણ ઉચ્ચારી ના શક્યો.'

આનું નામ નિષ્ઠા! ગાંધીજીએ એમના જીવનમાં આવી નિષ્ઠા સાદ્યંત સાચવી હતી. આવી નિષ્ઠા સાચવવાનું કામ સરળ નથી. પણ જેનામાં અનાસક્તિ હોય એ આવી નિષ્ઠા સાચવી શકે. જે આત્માને વફાદાર હોય એ પણ આવી નિષ્ઠા સાચવી શકે.

સોક્રેટિસ પર ગ્રીસના શાસને જ્યારે આ-રોપ મૂક્યો અને એને તકસીરવાર ઠરાવી મૃત્યુ-દંડની શિક્ષા કરી ત્યારે મિત્રોએ એને જેલ-માંથી નાસી જવાની સલાહ આપી. સોક્રેટિસે કહ્યું, 'હું આજે રાતે વિચાર કરી જોઈશ.'

બીજા દિવસે મિત્રો મળવા આવ્યા ત્યારે સોક્રેટિસે કહ્યું, 'તમે ગયા પછી રાતના આ દેશના કાયદા મને મળવા આવ્યા હતા. એમણે પૂછ્યું, 'તું અમારા રક્ષણ નીચે આજ સુધી સુરક્ષિત રહ્યો. અમારા ઘડતરમાં તારો ફાળો છે, અને હવે તું અમારો ભંગ કરવા માગે છે? તું જ અમારો ભંગ કરશે તો અ-મારું અસ્તિત્વ કોના આધારે ટકી રહેશે ?'

આમ કહી સોક્રેટિસે ઉમેર્યું, 'મિત્રો, જે કાયદાનું ઘડતર કરવામાં મારો ફાળો હોય એનું ગળું ઘૂંટી દેવાનો મને અધિકાર નથી.'

અને સોક્રેટિસે ઝેરનો પ્યાલો પી લીધો. આનું નામ નિષ્ઠા! પોતાના આત્માને છેત-રવો નહિ, પરમાત્માને છેતરવો નહિ એનું નામ નિષ્ઠા. □



બચુભાઈનાં કાવ્યો

'વંદન જય ગુજરાત' એ સ્વ. બચુભાઈની જાણીતી પ્રકટ કાવ્યકૃતિ છે. પોતાના હસ્તલિખિતપત્ર 'જ્ઞાનાંજલિ'ના ૧૯૧૯ના ઑગસ્ટ સપ્ટેમ્બરના અંકમાં એમણે એ પ્રથમ પ્રક[ટ] કરેલી. એમની વીસ વર્ષની વય આસપાસને એ સમય. મૅટ્રિક પાસ કર્યા પછી પૂનાની કૉલેજમાં જવાનું અટકી પડતાં ગોંડલમાં જ શિક્ષક તરીકે તેમને રોકાઈ રહેવું પડેલું તે એ વર્ષો. વિધવિધ વાચનથી પોષાયેલા સાહિત્ય-રસ અને દેશકાળાનુસાર પ્રસરેલી રાષ્ટ્રભાવ-નાના પ્રભાવ તળે એમનું મન ઊંચાં ઉડ્ડયનો માટે તલસતું હતું તે એ કાળ. આગળ જતાં 'કુમાર'ના કાર્ય દ્વારા એમની જે બહુવિધ શક્તિ વિકાસ પામી તેનો એ પ્રારંભકાળ. 'જ્ઞાનાંજલિ'માં તેની પૂર્વ-ઝલક જોવા મળે છે.

'વંદન જય ગુજરાત' એ એમનું પ્રથમ કાવ્ય જ હોઈ ન શકે, તેમ જ ત્યાંથી જ એ અટકી પડે એવું પણ ન જ બને. એ સમયમાં એમણે કાવ્યો લખેલાં એથી વિશેષ આજે આ-પણે જાણતા નથી. 'વંદન જય ગુજરાત' તો અન્યત્ર પણ પ્રકટ થયું હોઈ એ એમનું કાવ્ય છે તે આપણે જાણી શક્યા પણ એમની કાવ્ય-રચનાઓ તો બહુધા ગોપિત જ રહી. અને એ ગોપિત જ રહેત જો એમણે – એ 'નેપથ્ય'-વાસીએ પોતાની એ આગવી ખાસિયત પ્રમાણે 'જ્ઞાનાંજલિ'માં પણ પોતાનું નામ ગોપિત ન રાખ્યું હોત તો. 'જ્ઞાનાંજલિ'માં એમણે 'વંદન જય ગુજરાત' પોતાના અસલ નામથી નહિ, પણ 'અનુજ'ના ઉપનામથી આપેલું છે. 'ઈ. ત.' એ એમણે પોતાના નામ–બચુભાઈ રાવતના

અંત્યાક્ષરો પરથી રચેલું અભિધાન છે એ આપણે જાણીએ છીએ. આ 'અનુજ' (અગ્રજ નહિ, અનુજ) એટલે બચુભાઈ એ હવે આપણને જાણવા મળ્યું. અને આના આધારે જ 'જ્ઞાનાંજલિ'માં 'અનુજ' ઉપનામથી અપાયેલાં કાવ્યો પણ એમનાં જ છે એમ સમજાય છે.

ઈ. ૧૯૧૮ના જુલાઈમાં 'જ્ઞાનાંજલિ'નો પ્રથમ અંક એમણે પ્રકટ કર્યો. અને મે ૧૯૨૦ સુધી એમણે એ ચલાવ્યું. સંજોગવશાત્ એમાં પણ એકધારી નિયમિતતા જાળવી શકાઈ નહોતી. માસિક પત્ર રૂપે આરંભાયેલું એ પત્ર ગોંડલથી શરૂ થઈ અમદાવાદમાં ત્રિમાસિક રૂપે છતાં પ્રકટીને અટકી પડયું. એ બે વર્ષના પણ બધા અંકો પ્રાપ્ય નથી. જે મળ્યા અને તેમાંથી 'અનુજ'ના ઉપનામે પ્રકટ થયેલી બચુભાઈની જે કાવ્યરચનાઓ મળી તે અહીં ઉતારી છે. 'જ્ઞાનાંજલિ'માં એમણે સ્વહસ્તે જેમ લખ્યાં છે તેમ જ તે અહીં આપ્યાં છે. તેમાં હરિગીત, મંદાક્રાન્તા અને વસંતતિલકાની એમણે અજમાયેશ કરી છે. કાવ્યરચનાના એમના એ પ્રારંભિક પ્રયાસો જ હોઈ સ્વાભાવિક રીતે તેમાં છંદભંગ પણ છે જ, અને શબ્દોની જુદી જોડણી પણ. પરંતુ એ કાળે પ્રસરેલી દેશદાઝની ભાવનાઓનો પ્રભાવ, ઈશ્વર પ્રત્યેની આસ્થા અને નીતિમયતા તરફનું એમનું વલણ પણ તેમાં વ્યક્ત થાય છે.

અહીં એ પણ ન ભૂલવું જોઈએ કે ગોંડલમાં એમને થતી રૂંધામણનો એ કાળ હતો તો બીજી તરફ યુવાનીનો થનગનાટ હતો. દેશ અને સાહિત્યની સેવા કરવા સાથે જે મહામાનવોનાં જીવનચરિત્રો વાંચેલાં તેવા બનવાની મહત્ત્વાકાંક્ષાઓ હતી, તો બીજી તરફ કૉલેજમાં ઉચ્ચ અભ્યાસાર્થે ન જઈ શકવા સાથે ગોંડલના સીમિત વર્તુળમાં શિક્ષક તરીકે કારકિર્દીનો આરંભ કરવા પડયાનો વસવસો હતો. પણ તેમાંયે તેમણે સમાધાન શોધીલીધું હતું: 'ગ્રેટ મૅન' ન બનાય તો 'જેન્ટલમૅન' બનવાનું. અને એ સીમિત પર્યાવરણમાં પણ એમણે જે પ્રવૃત્તિઓ આરંભી હતી તેમાંનું એક તે 'જ્ઞાનાંજલિ', અને કદાચ બીજું તે આ કાવ્યસર્જન. પણ પછી સંજોગોએ અણધાર્યો વળાંક લીધો. 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય'માં જોડાવા નિમિત્તે એમને અમદાવાદ આવવાનું થયું. ત્યાંની 'મજૂરી'માંથી છૂટી 'વીસમી સદી'માં જોડાવાનો યોગ સાંપડ્યો તે પણ હાજીમહમદના અણધાર્યા અવસાનને કારણે વિલાઈ જતાં યોગક્ષેમની ચિંતા વધી. રવિભાઈએ 'હાજીમહમદ સ્મારક અંક'નું સંપાદનકાર્ય સોંપતાં અને 'નવજીવન'માં જોડાવાથી એમાં કંઈક રાહત થઈ હશે, પણ આ અંગેની વ્યસ્તતામાં 'જ્ઞાનાંજલિ' અટકી પડ્યું, તેમ જ એમના કાવ્યસર્જનનો પણ વિકાસ થઈ શક્યો નહિ તેમ માની શકાય. છતાં 'કુમાર'ના પ્રકાશનનું એક આશાકિરણ ત્યારે ઝળકતું હતું. અંતે એ આશા ફળી. પોતાનાં વિધવિધ સ્વપ્નોને 'કુમાર' દ્વારા સાકાર કરવામાં એ વ્યસ્ત બની ગયા અને આ વ્યસ્તતાને કારણે એમનું કાવ્યસર્જન તો આગળ ન ચાલ્યું, પણ કાવ્ય અંગેની સૂઝસમજ અને રસ તો વિકસતાં જ ગયાં. અંતે 'બુધ-કાવ્ય-સભા' પ્રતિ એ રસ ઢળી જઈ તૃપ્તિ પામ્યો. આજે એ 'બુધ-કાવ્ય-સભા' અર્ધી સદીએ પહોંચી ગઈ છે. આ માસમાં એ 'બુધસભા'ના કવિઓએ તેની સુવર્ણજયંતી પણ ઊજવી. આ જોઈ એ કાવ્યરસિક જીવ સ્વર્ગમાંય પરિતોષ પામતો હશે! એમનાં આ કાવ્યો એમની જ બુધકાવ્યસભાના કવિઓને કેવાં લાગશે તે ગૌણ બાબત છે, પણ પોતાના કાવ્યપ્રેમના એ કાચા પિંડને એમણે સ્વપુરુષાર્થ વડે સુંદર ઘાટ આપીને જે દૃષ્ટાંત સ્થાપ્યું છે તે પ્રત્યેક નવકવિઓ માટે અવશ્ય પ્રેરક બની રહેશે. —સં.

જન્મભૂમિ (સર વૉલ્ટર સ્કૉટના અંગ્રેજી કાવ્યને આધારે)

(મંદાક્રાન્તા છંદ)

કોણ છે એવો અવની તળમાં માનવી મૂક જાયો,
જેણે હૈડે ધર્યું નથી કદિ દેશનું હીત હોશે;
જેણે કોદિ કહ્યું નથી વળી દિલમાં દાઝ લાવી
આ છે મ્હારી પ્રિય, જીગરથી જન્મભૂમિ વહાલી?
વિદેશોમાં બહુ ફરી ફરી નિજ રમ્ય સ્વદેશે,
જાતાં જેનું નથી હૃદયે ખીલતું ઉછરંગે;
સ્તુતી તેની કરી નથી ભાટ ને ચારણોએ,
કોઈ તેનુ શુભ ન ઈચ્છતું, ના કદિ ચાહતું એ.
છોને માણે સુખદ ભુવને માન સત્તા ભલેરી,
કિતાબો કે અખૂટ ધનને ફાલી કીર્તિ ઘણેરી;
ધિક છે એનાં કિરતી ધન ને તુચ્છ સૌ તેની સત્તા,
કિતાબો ને ભુવન સઘળાં ધિક્ક તે સર્વ સત્તા.
સંપત્તિઓ સુખદ સહુ આ ભોગવે સ્વારથી તે,
પૈસે ખર્ચે જીંદગીભર ના દેશના હીત કાજે;
બે મોતે એ દુઃખી થઈ મર સ્વારથી પૃથ્વી માંહી,
પહેલે ગ્રાતે જીવત મરતો નિજ સન્માન ખોઈ.
બીજે મોતે બળી અગનિમાં નિજ આયુષ્ય ખૂટયે,
માટીમાંથી જન્મી, મળતો માટીમાં આખરે એ;
સંભારે ના મરણ પછી કો, કોઈ ના માન આપી,
ગાયે પ્રાતે નહિં કીરતીએ મૂઢ તે સ્વારથીની.
('જ્ઞાનાંજલિ' અંજલિ-૧, બિન્દુ ૧, જુલાઈ ૧૯૧૮)

રસ

(હરીગીત)

શ્રી કૃષ્ણ કેરી બંસરીમાં જે ગવાયો આત્મરસ,
સુણી ગોપીઓ હૃદયપટમાં જે છવાયો પ્રેમરસ;
શૃંગાર રસમાં જે ડુબી તન્મય થયું મીરાંહૃદય;
જ ભક્તિરસમાં લીન થઈ ઉન્નત થયું નરસિંહહૃદય.

ગીતા તણા સહગીતમાં શ્રીમુખથી જે યોગરસ,
ગાઈ બતાવ્યો કૃષ્ણજીએ પાર્થને કુરુક્ષેત્ર પર,
તે યોગરસ શૃંગારરસ આધ્યાત્મરસમાં ના ડુબ્યું
ત્હારૂં હૃદય તો અગ્નિમાં તે વ્યર્થ આયુ વીતાવ્યું.
('જ્ઞાનાંજલિ' અંજલિ-૧, બિન્દુ ૨, ઑગસ્ટ ૧૯૧૮)

પ્રાત: સ્મરણ

(કલ્યાણ)

અંતર મમ વિકસિત કર, વિભુવર.
અજ્ઞાન દૂર કર, જ્ઞાન પ્રદીપ કર,
ઉજ્જ્વલ અંતર રાખ નિરંતર......અંતર.

કલેશ, કુસપ, છલ, કપટ તું પરિહર,
નિર્ભય નિર્મલ અંતર મમ કર......અંતર.

દુઃખ તિમિર હર, અવનતિ દૂર કર,
ઉન્નત કર, વિકસિત કર અંતર
અંતર મમ વિકસિત કર, વિભુવર.
(અં. ૧, બિ. ૬, ડિસેમ્બર ૧૯૧૮)

દુનિયાની મઝા

(હરીગીત)

આલમ બધી આ જોઈ મેં ઢુંઢી વળ્યો હું જંગલો,
શહેરો, નદીનાળાં, બગીચા ને બિયાબામાં ફર્યો;
પશુ પક્ષિ પ્રાણીને પૂછ્યું, કેં પૂછ્યું માનવ જાતને,
નવ કોઈએ બતલાવી આ દુનિયા તણી સાચી મઝા.

કોઈ કહે દુનિયા તણાં સહુ સુખમાં દીઠી મઝા,
સુખ છોડીને એ, કોઈ સમજે મોક્ષ મેળવ્યે મઝા;
છે વૈભવોના ભોગમાં ને એશમાં મીઠી મઝા,
અભિમાન, સત્તા, મોજ ને આરામમાં છે સૌ મઝા.

વાંચન અને લેખન, મનન પાઠન મહીં માણી મઝા.
સંગીત, ચિત્રકળા મહીં વળી કોઈએ શોધી મઝા;
પ્રેમ, વાજીંત્રો તણા મીઠા સરોદો સુણતા–
બહુમુલ્ય છાના મંત્રમુગ્ધાના પપ્યામાં છે મઝા.

સહુ રાજ્યખટપટ માંહી ને મુત્સદ્દીઓમાં શ્રેષ્ઠ થઈ,
ગણના થવામાં રાજ્યનીતિજ્ઞ તરીકે છે મઝા;
વેદાંત, યોગાભ્યાસ ને અધ્યાત્મજ્ઞાને મસ્ત થઈ,
ઉંડા નિદિધ્યાસન મહીં પરમેશનામાં છે મઝા.

(એમ) ભિન્ન ભિન્ન પ્રકારની ન્યાળી નિહાળી કંઈ મઝા,
ના ક્યાંય દીઠી જીવનમાં દુનિયા તણી સાચી મઝા;
અખિલ આ બ્રહ્માંડ છે ગૃહ એક, એ જગતાતનું,
પરિવાર એક પિતા તણો, માનવ, પશુ, પ્રાણી સહુ.

સહુ ભૂત પ્રાણી માત્ર પ્રત્યે સ્નેહ ને સમભાવમાં,–
સાચી મઝા દુનિયા તણી; છે એ જ સાચી ભાવના;
રડતાં હૃદય દુઃખિયા તણાં સંતોષવામાં છે મઝા,
સસ્નેહ સહુ દીનબન્ધુઓનાં આંસુ લ્હોવામાં મઝા.

સંતાન સહુ જગતાતનાં બંધુ ગણી અવલોકજો,
સમભાવ, સેવા, સ્નેહથી સાચી મઝા સહુ શોધજો.

('જ્ઞાનાંજલિ' - અં. ૧, બિ. ૯, માર્ચ ૧૯૧૯)

ઉષા

(હરીગીત)

પુત્રી ઉષા એ લાડકી 'તેજસ્વી સૂર્ય પિતાજી'ની,
ન્હાનાં ગુલાબ કમળશી કોમળ અતિ સોહામણી;
અંધારપટ આ જગત્ પરથી રાત્રિ જળ સંકેલતી,
આછી દીસે તવ પૂર્વમાં એ દોડી આવતી દૂરથી.

(મંદાક્રાંતા)

લાંબી તાણી કુમકુમ તણી આડ ભાલપ્રદેશે,
તેની વચ્ચે ટીલડી સરિખો તારલો શુક્રનો એ,
જાણે રાતા કમલ પર છે શોભતું વારિ બિન્દુ;
ને દીસે એ હસતું મધુરું મુખ જાણે કલેન્દુ.

(હરીગીત)

મંજુલ સ્વર મૃદુગાનના, ગાતી કંઈ આનંદથી,
ધીમા મીઠા રણકાર કંઈ નૂપુર તણા રણકાવતી;
નીચી કુદી આનંદ અહીંથી તહીં તે દોડતી,
ખોળા મહીંના કુસુમની ગેંદો ઉછાળી ખેલતી;
ઘડીમાં કુસુમ ઉછાળતી; નીચે પડ્યાં તે વીણતી;
ઘડી એકમાં પાછાં બધાં વેરી દઈ નાસી જતી;
નાના પ્રકારે એમ એણે ગેલ તો કૈં કૈં કર્યા,
અતિ શ્રમ થકી પરસ્વેદનાં તુષાર બિન્દુડાં ઝર્યાં.

(વસંતતિલકા)

થતો શ્રમિત ચઢી એ રથ ઉપરે ને–
બેઠી જઈ ઝડપથી ય પિતા સમીપે;
અદૃશ્ય એક પલમાં થઈ આભમાંથી–
ત્યાં તો ધસે ગગનરાજ તણી સવારી.

('જ્ઞાનાંજલિ' - અં. ૧, બિ. ૭-૮, જાન્યુ.-ફેબ્રુ. ૧૯૧૯)

જન્મતિથિ

(વસંતતિલકા)

હા! આજ એકવીશ વર્ષ વીતી ગયાં ને,
વીત્યા અનેક સુખ ને દુઃખના પ્રસંગો;
આપી કંઈક પલ સુખની રીઝવાને,
રોયું કદિ હૃદય આ દુઃખના પ્રસંગો.

લ્હાણો લીધી અવનવી કંઈ સ્નેહિઓની,
રાચ્યું કદિ હૃદય, નિર્મળ સ્નેહથી આ;
ને બેવફાઈ તણી ઝેરી છુરીથી કો દિ
ચીરાયું આ જીગર ભોગ થઈ દગાનો.

સંક્રાંતિ થાય જવ શૈશવની યુવામાં,
ઉત્સાહ-જોમ-રસ-પૂર્ણ વસંત આવે;

મ્હેં તે વીતાવી પ્રભુ! કૈંક અશુદ્ધિ ભાવે,
ને કૈં વીતાવી મદ ને રસરંગ માંહી.

વિશુદ્ધ ઉર થકી મ્હેં જગતાત ત્હારી,
ભક્તિતણું નવ કીધું રસપાન ભાવે;
સેવા ન કીધી સમભાવ ધરી ઉર મ્હેં,
સંતાન, સર્વ તુજ આ જગબંધુઓની.

સંસાર આ સકળની શુભ પુણ્યભૂમિ,
આત્માતણી પરમ શાંતિનું કેન્દ્રસ્થાન;
વિહારસ્થાન શુભ રમ્ય પ્રકૃતિ કેરું,
ને રામ-કૃષ્ણ સરખાની લીલાભૂમિ જે–

તે માતૃભૂમિ મમ, ભારતીના સુઅંકે,
પાક્યાં અમૂલ્ય કંઈ દિવ્ય અનેક રત્નો.
જેણે વગાડી દશ દિશ દિગંત ડંકો,
ખ્યાતિ પ્રસારી નિજ માતની દેશદેશે.

જે વત્સલ મહાન નરો, સુપુત્રો,
શાણા સમાજ હિતચિંતક લોકો કૈં,
સાહિત્યવીર, કંઈ ધીર સુધારકોને,
કૈં શાન્તિબોધક ધુરંધર તત્વજ્ઞાની –

એ સર્વની જીવન-વિભૂતિ કેરું દીધું,
આછું સુસ્મરણ ભાવથી વર્ષ વર્ષે;

મહાન સજ્જન બચુભાઈ રાવત

—ર. ચી. શાહ—

'કુમાર'ના તંત્રી શ્રી બચુભાઈ વિદેહ થતાં આપણે આપણા એક સંનિષ્ઠ, દીર્ઘોપાસક સંસ્કાર-પુરુષ ગુમાવ્યા છે. અંગત રીતે તો હું એક શિરછત્ર ગુમાવ્યાની લાગણી અનુભવું છું.

એમના અત્યંત નિકટના સંપર્કમાં આવવાની મને તક મળી એને હું મારું પરમ સદ્ભાગ્ય સમજું છું. નજર સામે હજી એમની છબિ તરવરે છે. સવારે સમય થતાં કુમાર કાર્યાલયમાં હળવે પગલે તેઓ દાખલ થાય છે. પોતાની બેઠક પાસે પહોંચી લાઈટ અને પંખો ચાલુ કરે છે. ખાદીનો લાંબો કોટ ઉતારી ખીંટીએ ભેરવે છે. અને ટોપી ખુરશીમાં ગાદી નીચે. પછી એ ફરતી ખુરશીમાં બેસી ડેસ્ક ખોલે છે. આવેલી ટપાલ જુએ છે. પેનસિલ અને ચપ્પુ લે છે, પોતાના પહેરણનો છેડો કરી ખોળામાં છોતરાં પડે એ રીતે પેનસિલ છોલે છે. સરસ અણી કાઢે છે, ચીવટપૂર્વક બધાં છોતરાં એકઠાં કરી લઈ કચરાની ટોપલીમાં નાખે છે. 'કુમાર' માટે આવેલી સામગ્રી વાંચવાનું, પ્રૂફ તપાસવાનું ટપાલના જવાબ લખવાનું કામ ચાલુ થાય છે, કાર્યાલયમાં બચુભાઈનો દિવસ આમ આરંભાય છે, પણ કેટલુંક કામ ઘેરથી તૈયાર કરીને પણ તેઓ સાથે લાવ્યા હોય છે.

ગયા વર્ષના ફેબ્રુઆરીમાં નછૂટકે પથારીવશ થવું પડ્યું ત્યાં સુધી એમણે કાર્યાલયમાં જવાનું ચાલુ રાખેલું. વયને અને તબિયતના કારણે પ્રથમ તેમણે કાર્યાલયમાં મોડી રાત સુધી બેસવાનું બંધ કર્યું. પછી અરધો દિવસ બેસવાનું રાખ્યું અને પછી છેલ્લેછેલ્લે એકાંતરે દિવસે જવાનું રાખ્યું હતું. પરંતુ ઘેર રહીને પણ આખો વખત કામ તો તેઓ 'કુમાર'નું જ કર્યા કરતા. અને એમ કાર્યરત રહી 'કુમાર'ના ૬૭૯મા અંક વખતે એમણે ચિરવિદાય લીધી.

કેવુંકેવું વિષય વૈવિધ્ય એમણે 'કુમાર' દ્વારા રજૂ કર્યું છે! ઝીણા ટાઈપનો ઉપયોગ કરીને એમણે 'કુમાર'નાં પાનાંમાં કેટકેટલું લખાણ સમાવ્યું છે! એ ઝીણા ટાઇપો માટે ઘણા ફરિયાદ કરતા, પણ કુમારો માટેના પરદેશના અંગ્રેજી સામયિકોમાં આથી યે ઝીણા ટાઈપ વપરાય છે, તથા ઝીણા ટાઈપ વાંચવાથી આંખો બગડતી નથી એવું એક વૈજ્ઞાનિક સત્ય છે તે સ્વીકારી તેમણે ઝીણા ટાઈપ વાપરીને 'કુમાર'નાં પાનાંની ઠાંસોઠાંસ ગોઠવણી કરીને વધુમાં વધુ સામગ્રી આપવાનો આગ્રહ રાખેલો. એનાં બધાં પ્રૂફ્સ પણ તેઓ જાતે વાંચતા, ભાષાદોષ, હકીકતદોષ કે મુદ્રણદોષ ન રહે તેની કાળજી રાખતા. 'કુમાર' માટે આવેલાં લખાણો પોતે વાંચે, સુધારે અને પછી જ પ્રેસમાં આપે, તેનાં પ્રૂફ્સ તપાસે અને પાનાંની રચના પણ કરે. સત્તાવન વર્ષ સુધી એમણે પોતે પ્રથમ વાંચ્યું ન હોય, સુધાર્યું ન હોય એવું કંઈ 'કુમાર'માં છપાયું નથી. અન્ય સામયિકોમાં 'કુમાર' અલગ અને વિશિષ્ટ જણાતું રહ્યું તેનું કારણ તેની પાછળનો બચુભાઈનો પૂર્ણ પરિશ્રમ ને ચીવટ પણ છે.

'કુમાર'નું ધોરણ જાળવી રાખવા બચુભાઈ હમેશાં સજગ રહેતા. કોઈ પણ મોટા નામી લેખકનું નબળું લખાણ પરત કરતાં તેઓ અચકાતા નહિ. પોતે યુવાન હતા તે સમયમાં વડીલ ગણાતા બળવંતરાય ઠાકોર જેવાની કૃતિ પણ પાછી મોકલતાં એ અચકાયા નહોતા. ચુનીલાલ મડિયાની એક વાર્તા એમણે આમ પાછી મોકલતાં મડિયાએ 'કુમાર'ને વાર્તા આપવાનું બંધ કરી દીધેલું. એવા જ એક પ્રતિષ્ઠિત વાર્તાકારે પણ પોતાની કૃતિ પાછી ફરતાં 'કુમાર'નો બહિષ્કાર કરવા તૈયાર થઈ જઈ મિત્ર દ્વારા બચુભાઈને તેની જાણ કરી ત્યારે એમણે કહેલું '...હું કોઈ દ્વેષ, ઈર્ષા કે જૂથબંધીને કારણે કૃતિ પાછી મોકલાવતો નથી. 'કુમાર'ના ધોરણને અનુરૂપ ન લાગે એવી કૃતિ ગમે તેવા મોટા કવિ-લેખકની હોય તો પણ તે પાછી મોકલાવું છું. તેમ છતાં બહિષ્કાર કરવો હોય તો કરે, એકલે હાથે જિંદગીભર 'કુમાર' ચલાવવા જેટલો મને મારામાં વિશ્વાસ છે.' અને પોતાનું આ ધોરણ જાળવી રાખીને એમણે કેટકેટલા કવિ-લેખક-ચિત્રકારોના ઘડતરમાં ફાળો આપ્યો છે! નબળી કૃતિઓને પુનઃપુનઃ મઠારવા એમણે કેટકેટલાને પ્રેર્યા છે! કેટલાંય કાચાં લખાણો સુધારી મઠારી તૈયાર કરવામાં તંત્રી તરીકે બચુભાઈએ જેટલું કાર્ય કર્યું છે એટલું ભાગ્યે જ કોઈએ કર્યું હશે? પરિણામે કેટલા બધા કવિ-લેખકોએ પોતાનું પુસ્તક બચુભાઈને અર્પણ કર્યું છે! પોતાના સામયિક માટે કૃતિની પસંદગીમાં આટલા બધા કડક છતાં કોઈ એક તંત્રીને વધુમાં વધુ પુસ્તકો અર્પણ થયાં હોય તો તે બચુભાઈને. ગુજરાતના કવિ-લેખકોની ત્રણ પેઢીને તૈયાર કરવામાં એમનો હિસ્સો ઘણો મોટો છે. તંત્રીને બદલે માત્ર લેખક બન્યા હોત તો એમની પાસેથી આપણને વિવિધ વિષયોનાં કદાચ સંખ્યાબંધ પુસ્તકો મળ્યાં હોત. અને એમને નામના, પણ એમને નામનાની ખેવના નહોતી. 'કુમાર'નાં શરૂનાં વર્ષોમાં પોતાના નામના પ્રથમાક્ષરો 'બ. રા.'ની સહીથી એમણે ઘણું લખ્યું, પછી અંત્યાક્ષરો 'ઈ. ત.'ની સહીથી લખેલું. પરંતુ એટલું નામ પણ શા માટે? અંતે એ પણ છોડી દીધું હતું.

મૅટ્રિક સુધી અભ્યાસ કરી, સંજોગવશાત કૉલેજના અભ્યાસથી વંચિત રહ્યા છતાં, એમણે સ્વપ્રયત્ને પોતાના ઘડતર માટે કેવો પુરુષાર્થ કર્યો હતો તે હવે અજાણ્યું નથી. કૌટુંબિક, સામાજિક અને વ્યાવસાયિક બધી જવાબદારીઓ સુપેરે નિભાવવા સાથે જાતમહેનત કરી એમણે 'વૉકિંગ એન્સાઈક્લોપીડિયા' કે 'વન-મૅન ઇન્સ્ટિટ્યૂશન' ગણાવા જેટલી સિદ્ધિ હાંસિલ કરી હતી એ તો ખરું જ, પણ એ બધી જ શક્તિ–ક્ષમતાનો ઉપયોગ તેમણે નિષ્ઠાપૂર્વક કેવળ 'કુમાર'ને માટે જ કર્યો હતો. આમાં દિવસનો ઘણો ખરો સમય તો કાર્યાલયનાં વહીવટી કાર્યોમાં અને મુલાકાતોમાં વ્યતિત થઈ જતો એટલે એમનું ખરું કામ તો સાંજે કાર્યાલય બંધ થયા પછી આરંભાતું અને કાર્યાલયમાંથી મોડી રાતે ઘેર ગયા પછી યે તે ત્યાં જારી રહેતું.

પણ કાર્યાલયની કામગીરીમાંથી બુધવારની સાંજ તેમણે કવિઓને કાવ્યગોષ્ઠિ માટે રાખી હતી. બુધવારની એ કાવ્યસભા તો સમસ્ત કાવ્યવર્તુળમાં જાણીતી છે. પચાસ વર્ષ સુધી તેમણે તે પૂર્ણ નિષ્ઠાપૂર્વક નિયમિતપણે ચલાવી હતી. ૧૯૫૫માં હું એક વર્ષ માટે અમદાવાદ રહેલો ત્યારે એ બુધસભામાં નિયમિત જતો. કોઈ વાર મારી પાસે સાઇકલ ન હોય તો બચુભાઈ કહે, 'ચાલો આપણે ચાલતા ચાલતા સાથે જઇશું', હું આગ્રહપૂર્વક વિનતી કરું. 'તમે તો વડીલ છો અને તમારે હજી જમવાનું પણ બાકી છે. તમે જલદી સાઈકલ ઉપર ઘેર પહોંચો' પણ તેઓ કદી મને એકલો મૂકીને ઘેર વહેલા પહોંચ્યા હોય એવું મને સાંભરતું નથી. ઘેર બીજાં બધાં તો ક્યારનાં ઊંઘી ગયાં હોય પણ એમનાં પત્ની એમની રાહ જોતાં જાગતાં જ હોય. બચુભાઈ ઘેર જઈ જમી લે તે પછી જ એ જમે. એમની પતિપરાયણતા આર્યનારીને ગૌરવ અપાવે એવી હતી. બચુભાઇ એમને 'બાઇ' કહીને બોલાવતા.

લગભગ સિત્તેરની ઉંમર સુધી બચુભાઇએ સાઈકલ ખેંચી. આમાં ટાઢ તડકો કે વરસાદનો કોઈ અવરોધ એમને નડતો નહિ. પછી બસમાં આવવા-જવાનું રાખ્યું ત્યારે બસસ્ટૅન્ડ પર કે બસમાં યે કંઈક વાંચી લેવાનું ન છોડે.

મુંબઇની લેજિસ્લેટિવ કાઉન્સિલમાં તેઓ સભ્ય નિયુક્ત થયા પછી તો મારો એમની સાથેનો સંપર્ક વધ્યો. કોઇક વખત તેઓ અમારે ત્યાં પણ ઊતરતા. અમારા કુટુમ્બ માટે તો તેઓ વત્સલ વડીલ હતા. એમના પ્રત્યેક પીળા પોસ્ટકાર્ડમાં કુટુમ્બનાં નાનાંમોટાં સૌને યાદ કરી તેમના ખબરઅંતર ને પ્રવૃત્તિ-પ્રગતિની પૃચ્છા કરવાનું પણ એ કદી ચૂકતા નહિ.

એમના એ નિકટના પરિચય પછી મને જાણ થઇ કે એમને જ્યોતિષમાં પણ શ્રદ્ધા હતી. કોઇ સારા જોષીએ એમને માટે કરેલી કેટલીક આગાહીઓ સાચી પડવાથી એમની એ શ્રદ્ધાને બળ મળેલું. અને એ જોષીના કથન મુજબ પોતાનું આયુષ્ય ૬૪ વર્ષનું માની ૬૨મા વર્ષથી તેઓ એના પ્રત્યે વધુ સભાન બની ગયેલા. ૬૪મું આખું વર્ષ એમણે તેની ચિંતામાં ગાળેલું. અલબત્ત, આ છતાં યે એમનો રોજિંદો બધો વ્યવહાર તો પૂર્વવત્ સતત ચાલતો જ રહ્યો, પણ પેલી ચિંતાનો ભાર પણ તેઓ વેંઢારતા જ હતા. પરિણામે તબિયત પણ થોડી બગડી હતી. અંતે એ વર્ષ નિર્વિઘ્ન પૂરું થયું અને એ ફરી અસલ ઉત્સાહમાં આવી ગયા.

વિદેશ જવાની-ખાસ તો પોતાના પ્રિય ઇંગ્લૅન્ડને જોવાની એમની એક ઇચ્છા હતી. એ તક પણ મળી અને ત્યારે વાચન અને વાતોથી પોતે જેનાથી સુપરિચિત હતા એ બધાં સ્થળ-સ્થાનો ને કૃતિઓ વગેરે પ્રત્યક્ષ જોઇ તેમને એક અનોખી તૃપ્તિ અનુભવી હતી. પછી તો ૧૯૭૭-માં તેઓ બીજી વાર લંડન ગયેલા. યોગાનુયોગ હું એમને ત્યાં મળેલો. પણ મને લાગ્યું કે વય, ઠંડી અને અવરજવરની પરતંત્રતાને કારણે પહેલાં જેવી તેમને મજા આવી ન હતી.

એક વખત પાલીતાણા શત્રુંજયની યાત્રાએ જતાં હું અમદાવાદમાં એમને મળ્યો. મને ત્યારે જ ખબર પડી કે શત્રુંજય વિષે 'કુમાર'માં આટલું બધું છાપનાર એના તંત્રીએ ત્યાંનાં મંદિરો જોયાં જ નહોતાં. મેં એમને મારી સાથે લઈ જવા માટે દરખાસ્ત કરી. પણ પ્રોસ્ટેટ ગ્લૅન્ડની તકલીફને કારણે તથા ઠંડી હોવાને લીધે એમણે ના પાડી. જ્યારે મારાં પત્ની સાથે મારે ફરી એ તરફ જવાનું થયું ત્યારે ખાસ ગાડીની વ્યવસ્થા કરીને અમે એમને સપત્ની સાથે લીધા હતા. એમને એ યાત્રામાં બહુ આનંદ થયેલો. વળતાં વાત નીકળતાં એમને મહુડી-ના ઘંટાકર્ણ વીરમાં પોતાને ઘણી શ્રદ્ધા હોવાની વાત કરી. તબિયતને કારણે ખાસ વ્યવસ્થા વિના એ ત્યાં ઇચ્છા છતાં જઈ શક્યા નહોતા. અમે એમને એ યાત્રાએ પણ લઈ ગયેલાં. ત્યાં દર્શનાર્થે જઈ આવ્યા બાદ તેમણે લખી જણાવેલું : 'મહુડીની યાત્રા મને તો સરસ ફળી છે. ઘણા બધા અણધાર્યા લાભ થયા છે.' એમનાં અંતિમ વર્ષોમાં એટલું કર્તવ્ય કર્યાનો અમને સંતોષ થયો.

એમના જીવનના કેટલા બધા પ્રસંગો હજી યે નજર સામે તરવરે છે. શાળામાં ભણતા ત્યારે એમણે સાંભળેલું કે 'બધા જ માણસો મહાન નથી થઈ શકતા, પણ બધા જ માણસો સજ્જન તો જરૂર થઈ શકે છે. આ વાક્યને એમણે પોતાના જીવનના આદર્શ તરીકે સ્વીકારી ને એવા સજ્જન બનવા જે પુરુષાર્થ કર્યો તેના થકી આપણને એક 'મહાન સજ્જન' સાંપડ્યા. એ મહાન સજ્જનને આપણી વિનમ્ર શ્રદ્ધાંજલિ હો. □

સ્વ. બચુભાઈ રાવત એક સ્મરણાંજલિ

—જયંતીલાલ મહેતા—

ઇ. ૧૯૬૩-'૬૪ની વસંતઋતુ હતી. કલકત્તામાં 'અખિલ ભારતીય મુદ્રક પરિષદ'નું અધિવેશન ભરાવાનું હતું. સ્વ. બચુભાઈ રાવત વરસોથી પરિષદના માનવંતા હોદ્દેદાર તરીકે કલકત્તા આવી રહ્યા હતા ત્યારે તેમણે યજમાન કોને બનાવવા તે માટે જૂના અને જાણીતા રમણિકભાઇ મેઘાણીને પુછાવ્યું. મેઘાણીની દુકાને લગભગ દર શનિવારે સાંજે 'શનિવારિયું' ભરાય. આ સાહિત્યમિલનમાં શિવકુમાર જોશી, ચંદ્રકાન્ત બક્ષી, મધુ રાય, જયંતીલાલ શાહ, આ લખનાર અને બીજા એકબે સાહિત્યરસિકો ક્યારેક આવી ચડે તે. એ શનિવારે માત્ર બે જ જણ હાજર-મેઘાણી અને હું. મેઘાણીએ મુ. બચુભાઇનો સુંદર હસ્તાક્ષરવાળો સુઘડ પીળો પત્ર મને વંચાવ્યો મેં તુરત જ હરખભેર બચુભાઇને મારા જ મહેમાન બનાવવા આગ્રહ કર્યો. થોડા દિવસો બાદ હાવડા સ્ટેશને વીરમગામ-કોચમાંથી ખાદીની ચૂડીદાર અને શેરવાનીમાં સજ્જ લાંબી, ઊંચી, એકવડી કાયાવાળા એક સજ્જન ઊતર્યા. પહેલી નજરે ચહેરો ભાગ્યે જ આકર્ષે તેવો, પણ આંખો મળી અને બધું સમજાઇ ગયું કે આ સામાન્ય લાગતા માણસનું આટલું બધું ગૌરવ સાહિત્યના ખેરખાંઓ કેમ કરતા હશે.

આંખોમાં અજબની ચમક હતી તેટલું માત્ર કહેવાથી સત્ય અધૂરું રહે, આંખોમાં વાત્સલ્યભાવ પણ ઉભરાતો હતો તેમ કહેવાથી પણ વાત પૂરી ન થાય, એ આંખોમાં તે સર્વની આરપાર જોવાનું ધારદાર દૃષ્ટિસામર્થ્ય હતું, આંખોમાં ન સમજાય તેવું એક તાટસ્થ્ય પણ તરવરતું હતું, આંખોમાં બહુ ઓછું પણ ઊંડું ટીખળ વસ્યું હતું, એ આંખોમાં...આ બધું તો ધીરેધીરે ચાર દિવસના સહવાસથી મારી આંખોમાં ઊતરતું ગયું અને આજે ય આ લખતી વેળાએ પણ બચુભાઈની આંખો જ મારી સામે ઊભરાય છે.

કવિમિત્રો કહે છે બચુભાઈના કાન ટી.વી.ના એન્ટીનાની પેઠે સાચી કવિતા ઝીલતા. પણ જાણકારો ઉમેરે છે કે તેમનું અંતર ટી.વી.-ના સ્ક્રીનની પેઠે કવિતાની છબીમય રહેતું. આ સ્ક્રીન બહારથી ભલે ચિત્રવિહીન, સપાટ, અપારદર્શક દેખાતો હોય; પરંતુ તેના અંતરંગ ગર્ભમાં કેટલીક સાહિત્યિક પ્રતિછબીઓ સંઘરાઈ હતી તે જાણવાનું સદ્ભાગ્ય કદાચ કેટલાક વિરલાઓને જ સાંપડ્યું હશે. કારણ બચુભાઈ ભાગ્યે જ અંતર ઉઘાડતા. અને ક્યારેક કોઈક અજનબી પળે લગરીક ઉઘાડતા ત્યારે હજુ આપણને તેમની અદ્ભુત આંતરિક સમૃદ્ધિનો અહેસાસ પળ બે પળ અનુભવાય ત્યાં તો પર્દો પડી જતો—વૈષ્ણવ હવેલીના 'ટારા'ની જેમ. ઉમાશંકરે બચુભાઈ ને તેમની ચીકાશભરી ચીવટ અને આગ્રહી નીતિચુસ્તતા માટે એક ગુજરાતી અંગ્રેજ કહ્યા છે. તો તેમની આ અદ્દલ અંગ્રેજિયતમાં ઉમેરણ કરતી તેમની વિશિષ્ટ ખાસિયત હતી એકાકી આત્મનિર્ભર વૃત્તિ. એટલે બચુભાઈ ક્યારેય ટોળાના આદમી ન બની શક્યા. મસમોટા સમારોહોમાં પણ થોડાક અલગ, થોડાક અસ્પૃશ્ય રહ્યા.

ગુજરાતી સાહિત્ય અને લલિત કલાઓની સૃષ્ટિમાં સતત સાઠ સાઠ વરસો સુધી બચુભાઈએ જે પ્રદાન કર્યું છે તે વર્ણવતાં અને મૂલવતાં ગ્રંથમાળા લખી શકાય. કારણ એક પણ કવિતા (એકાદ બે અપવાદ બાદ કરતાં) રચ્યા વગર, બચુભાઈ દાયકાઓ સુધી કવિતા-યજ્ઞના ઋત્વિજ રહ્યા; એક પણ ચિત્ર ચીતર્યા વગર, ચિત્રકળાના

પારખુ પર્યેષક અને પ્રખર પ્રચારક બન્યાં; એક પણ વાર્તા લખ્યા વગર, વાર્તાકારોના પથદર્શક અને પ્રોત્સાહક બન્યા; એક પણ નાટક રચ્યા વગર, નાટક કોને કહેવાય તેની જબરદસ્ત આંતરસૂઝ તેમણે સદાય દાખવી. અને સહુથી વિશેષ તો એક પણ વિવેચનગ્રંથ છપાવ્યા વગર, બચુભાઇએ નીડર અને દુર્ધર્ષ વિવેચક તરીકે એકચક્રી શાસન ભોગવ્યું. પ્રવાસકથાઓ, જીવનચરિત્રો, વૈજ્ઞાનિક લેખમાળાઓથી માંડી રમૂજી ટુચકાઓ સુધી-બધાંમાં બચુભાઇને પૂરો રસ. પરંતુ બચુભાઇનો સૌથી મોટો જીવનરસ તો સ્વચ્છતા સુઘડતા અને સુડોળતાનો, તેમાં તલમાત્ર કાચુંપાકું કે ઓછું અદકું હોય તે બચુભાઈને ના ચાલે, પછી ભલે તે ગમે તેવા માંધાતાનું સર્જન હોય. અને એટલે જ તેમની પાસે ઊછરી, ઊછરીને, 'મોટા' થયેલા નવોદિતો ક્યારેક તેમને જક્કી કે 'વેદિયા'નું બિરુદ આપે તોય બચુભાઇનું રૂંવાડું યે ના ફરકે.

બચુભાઈ માત્ર એક 'વ્યક્તિ' ન હતા. ખરેખર તો તે પોતે એક વન મેન ઇન્સ્ટિટ્યૂશન–એકલવીર સંસ્થા જ બની ગયેલા. અને કદાચ તેથી જ તેમનાં સ્નેહ અને મમતાનાં ઝરણાં અંતઃસ્રોતા સરસ્વતીની જેમ ભૂગર્ભમાં વહેતાં, જ્યારે બહારથી તો સંસ્થાગત નીતિનિયમોના ઘાટો અને તટોમાં બંધાયેલા રહેતા બચુભાઇ ઘણી વાર ઊર્મિશીલ નવોદિતોને ઊંડા જળમાં ધૂના જેવા ભાસતા. માણસ પોતાની અંગતતા ઓગાળી નાખે અને સમષ્ટિના હિત માટે વ્યક્તિ મટી એક સાર્વજનિક સંસ્થા બની જાય તેમના કપાળે આ કમનસીબી લખાયેલી જ હોય છે. પરંતુ આવી માતબર વ્યક્તિ-સંસ્થાના થાંભલાઓ ઉપર જ સમાજનું આભ ટક્યું છે તેમ ઇતિહાસ સાક્ષી પૂરે છે. આ અદૃશ્ય થાંભલાઓ દેખાતા નથી અને છતાં છે અને રહેશે. તેમ ભલે દેખાતા ન હોય, છતાં સ્વ. બચુભાઇ આજે ય હયાત છે અને રહેશે—જ્યાં સુધી ગુજરાતી અસ્મિતા જીવશે ત્યાં સુધી. □

બચુભાઈનાં થોડાં સંભારણાં

—માણેકલાલ પટેલ—

આ જે કોઈ પણ ગ્રંથાલયે 'કુમાર'ની ફાઇલો જોઇએ તો વ્યક્તિથી વિશ્વ લગીની વિગતો તેમાંથી મળી રહે છે. તેના કસબમાં આરંભથી અંત સુધી મુરબ્બી બચુભાઈ અપૂર્વ વિનિયોગ બની ધબકતા પમાય છે એ રીતે તેઓ અમર્ત્ય કર્માત્મા છે.

'કુમાર'ના કામે બચુભાઈને લગાતાર લાગેલા ઘણાએ જોયા છે. ૧૯૩૦થી ૧૯૮૦ના પાંચ દાયકાઓમાં દરેક બુધવારે કવિતાસભામાં આપણી ચાર પેઢીના કવિઓને અવિરતપણે મળતા રહ્યાની વાતો ભુલાતી નથી. તદુપરાંત પત્રોથી પરોક્ષપણે ઘણાને પ્રેરક થયાની ઘટનાઓ બાજુ પર રાખી શકાતી નથી.

બચુભાઈએ આપણને સર્જનનું સત્ત્વ અને કલાનો કસબ સમન્વિત રીતે ખેડવાના પાઠ આપ્યા છે. તેઓ બીજા અર્થમાં લેખકો સાથે વાચકોને સ્થાન આપી, વિશેષ રીતે જીવન અને સાહિત્યકલાની અંતરંગતાની સુરુચિ કેળવી ગયા છે. તેમ જ તેમણે તંત્રીધર્મમાં લખાણને સુબદ્ધતાની કક્ષાએ સ્વીકારી, છાપકામને સુરેખ ગતિ આપી તંત્રીની યોગ્યતાનાં ઊંચાં ધોરણ સ્થાપી આપ્યાં છે.

વાસ્તવમાં તેઓ તો રચના માત્ર ઉત્તમ સર્જન-કલા પામે તેના જતનમાં રહેલા. કેમ કે તેમને મન તેનું સ્વરૂપ વૈવિધ્ય મૂળના વિષયવસ્તુ પર ટકીને વિકસે તેની માવજત વધારે મહત્ત્વની હતી, તેથી એકદમ અદ્યતનોમાંના કેટલાકના મતે તેઓ પરંપરા તરછોડાય એવા પ્રયોગોને ધૂતકારનાર એટલે કે જૂનવાણી ઠરેલા છે.

કિંતુ, બચુભાઈ સાથે સીધા સંબંધોમાં પોષાયેલાઓ તો સરવાળે સમૃદ્ધ અને સુખદ અનુભવો ધરાવે છે. ખાસ કરીને કાવ્યકર્મીઓ 'બુધ કવિતાસભા'માં ઘડાઇને એના સાદ્યંત પુરાવાઓ બનેલા છે. સાથે જ તેઓ ત્યાં બધા વચ્ચે એકાગ્રભાવે બેસતા. લખી લવાયેલી અને ટપાલમાં આવેલી કૃતિઓ લય-વૃત્ત પકડી વાંચતા. બીજા વાચને બાની તથા પ્રસાદનાં તત્ત્વો ઢૂંઢતા. વૃત્તોમાં એકદમ તળપદા શબ્દો તથા પરભાષી અજ્ઞાત પ્રયોગ જુએ તો તે બદલવા આગ્રહ કરતા. ગીતના લયમાં સંસ્કૃત ભાષાના સંધિ-સમાસવાળા શબ્દો કે પ્રયોગ પણ બદલવા સૂચવતા. સંક્ષેપમાં કહીએ તો ગુણવત્તાના ધોરણે જરૂરી બધું મઠારણ કરાવતા હતા.

તેઓ પ્રયોગના નામે કે નાવીન્યની વાતે જેમાં જાણીબૂઝીને તત્ત્વની ઉપેક્ષા થતી જુએ તેમાં કડવું કહી નાખતા. જો કે, તેમની સાથે પ્રેમનો કજિયો થઈ શકતો, પણ બદલામાં વાજબી આગ્રહો સ્વીકારવા પડતા. તેઓ મતભેદમાં જેમણે નિખાલસતા દાખવી હોય તેમને માર્ગદર્શકની અદાથી નિમંત્રતા. અમારું અંગત મંતવ્ય છે કે, તેમની સાથે મનભેદ પાડનાર સાથે ક્યારેય વ્યવહાર પાડવાની તૈયારી બતાવતા ન હતા. હા, ઉત્તમતાની પ્રતીતિ કરાવનારા જો તેમની રીતે સાચા ઠરે તો અપવાદ રૂપે પૂછવું, લખવું, ચર્ચવું વગેરેમાં ભાગ લેતા. પણ અંગત સંબંધે મર્યાદા આંકી દેતા. સંક્ષેપમાં જોઇએ તો તેઓ સહુને સહાયક બનવાનો પુરુષાર્થ અખંડ રાખતા હતા. એ તો સામે પાટલે બેસી ચૂકેલાઓએ સ્વીકારેલું સર્વ વિદિત છે.

મુરબ્બીશ્રી આપબળે વિકાસ પામી સ્થાયી થયેલી વ્યક્તિ હતા એટલે તેમની આંખોમાં એક પ્રકારે આત્મવિશ્વાસમય સ્વાશ્રયનું સ્વાભિમાન જોવા મળતું હતું. અમને ઘણાને એ મુદ્રા સ્વાધીનતાના માર્ગે સોહામણી લાગી છે. તેઓ ગમા-અણગમાનું ગણિત માંડતા હતા. એટલે પરખનું સરવૈયું કાઢતી વખતે પૂર્વગ્રહોનું નુકસાન માંડવાળના ખાતે નોંધી દેતા અમે જોયા છે. તેઓ 'નેપથ્યે' રહેવાની ટેવમાં ઘણું કરીને જાહેર કાર્યક્રમોથી અલિપ્ત રહેવાનું પસંદ કરતા હતા. જો ભાગ લેવાનું બને તો કોઠાસૂઝે કહેવા જેવું સ્પષ્ટ રીતે કહી નાખતા હતા. જે કામમાં તેમની ભાગીદારી હોય તેમાં સાક્ષરી ચાલાકી ભેળસેળ પામી શકતી ન હતી. તેથી તેમને પ્રચારલક્ષી ક્ષેત્રો ખેંચી શક્યાં ન હતાં. મહેનતાણું, વળતર કે લાભના ભાગ જેવી ધનની સીધી લાલચ તો ક્યારેય છેતરી શકી ન હતી. યોગ્ય પુરસ્કાર હોય તે અધિકારની રૂએ સ્વીકારી લેતા હતા. વળી, સમૂહમાં સર્વેસર્વા થવાનું ટાળતા હતા. જે કંઈ યશ મળે તે જો સાથીઓ સામેલ હોય તો ન્યાયબુદ્ધિએ તેનો હિસ્સો તેઓને ચૂપચૂપ રસમે વહેંચી દેતા હતા. સંક્ષેપમાં કહીએ તો તેમણે પ્રસિદ્ધિને પ્રતિષ્ઠાથી ક્યારેય ચઢિયાતી ગણી ન હતી.

આમ, મુરબ્બી બચુભાઈના કર્મયોગની બહુલક્ષી વાતો કહેતાં પાર આવે તેમ નથી. તેઓ વ્યક્તિ ન રહેતાં સંસ્થા બન્યા હતા, માત્ર તંત્રી ન રહેતાં એક વ્યવસ્થા બન્યા હતા. તેઓના અંગત સંબંધોમાંથી ઘણી ઘટનાઓ મારા જેવા એક ગ્રામીણના ઘડતરમાં ઘણા પાઠ આપતી ગઈ છે. એટલે તેમાંથી અહીં કેટલીક ઉતારવી ઉચિત માનું છું.

કવિકુલસખા હે

તમે કાવ્યાનંદે વિરલ બનતા, ભાવ વિભવે
જતા ડોલી, સાથે પઠન કરતાં સૂચન વડે
વિવાદો સંભાળી ઉદિત લગનો દીક્ષિત કરી
સમુલ્લાસી થાતા, નવ ઝલક સત્ત્વે ઊભરતી !

તમે સાચા સ્નેહે શિવસ્વરૂપનું દૈવ બનિયા,
અનેકોને કાર્યે કસબ દઈને સજ્જ કરિયા;
કલાયોગે પ્રેરી રસભર કૃતોત્સાહ કરવા
લખાવ્યું, વંચાવ્યું, પ્રભવસમ પ્રોત્સાહન ઘણાં !

તમારા સંબંધે કવિજન તણાં ગૌરવ હતાં,
નવી શ્રદ્ધા આશે અધિકતર સંયોજન હતાં;
સદાના સત્સંગે સ્મિતરુદન સંજીવન હતાં,
પરોક્ષે પત્રોમાં વ્યથિત મનને સાંત્વન હતાં !

હવે ઝંખા ભારે – અવિરત વહો સર્જન થકી
તમારી પ્રેમાત્મા કવિકુલસખા હે, અમ મહીં !

માણેકલાલ પટેલ

જો કે, ઘણી બાબતોમાં અન્ય સાહિત્યિકો સંકળાયેલા યા સાથી હોવાના. એટલે શક્ય એટલી સાવચેતીમાં રહી, સીધી રીતે બચુભાઈ આલેખાય એવા પ્રયાસ કરી છૂટીશ.

ઉચ્ચ શિક્ષણાર્થે વતનથી અમદાવાદ આવ્યો ત્યારે કાવ્યપોથી લઈ ઘણાને મળવું શરૂ કર્યું. બધેથી એક જ અવાજ ઊઠતો રહ્યો કે મારે કુમાર કાર્યાલયની 'બુધ કવિતાસભા'માં જવું અને ત્યાંની કસોટીમાં પસાર થઈ 'કુમાર'માં છપાય તે પછી નીવડેલો કવિ ગણાઈશ. દોઢેક વર્ષ મંથન કરી ૧૯૫૭ના સપ્ટેમ્બરના એક બુધવારે સાંજના કુમાર કાર્યાલયમાં જઈને બચુભાઈના હાથમાં કાવ્યપોથી મૂકી દીધી. તેમણે પંદરવીસ મિનિટ તે ઊથલાવી અને મને વાતે વાળ્યો. હસતાંહસતાં કહી દીધું, 'તમે લેખનમાં ઘણી મહેનત કરી છે. સારું કહેવાય. આડું-અવળું કામ થયું તો છે. વાંધો નહિ નવેસરથી કામ કરશો એટલે હાથ બેસી જશે. બુધવારે આવતા રહેજો. દર વખતે એક રચના લખી લાવજો.' પોથી પરત કરવા સાથે કાગળની કાપલી આપી કહ્યું, 'વધારે સારી લાગે તે લખી આપો. કવિઓ સાથે વાંચીશું.' કવિતા વંચાઈ; છંદ પાકા કરવાનું સૂચન થયું. બેઠકના અંતમાં શ્રી પિનાકિન્ ઠાકોર સાથે સથવારો ગોઠવી આપ્યો. એ મારી સાચી દીક્ષા બની રહી.

પછી તો હું બુધવારી મિલનોમાં છેક ૧૯૬૨ સુધી મૂક શ્રોતા બની કાવ્યપાઠ કરતો રહ્યો. એ વર્ષે કવિતાસભાને ત્રીસી જેટલો ગાળો પૂરો થતો હોઈ, જૂનમાં એક કવિતા સત્ર શ્રી 'સ્નેહરશ્મિ'ના વિદ્યાલય 'વિદ્યાવિહાર'ના પટાંગણમાં યોજાયું. આયોજનની મુખ્ય જવાબદારી પિનાકિન્ ઠાકોરે સંભાળેલી. તેમના સાથમાં મારે સક્રિય થવાનું બન્યું. કામ કરતાંકરતાં બચુભાઈની નજરમાં વસવાનો મોકો સાંપડ્યો. તેઓ કાર્યક્રમની બહાર જે કંઈ સમય મળે તેમાં સભાખંડથી ભોજનાલય સુધીની દેખરેખ રાખે. જરૂરી પૂછપરછ, તકલીફો, વાજબી સૂચનો વગેરેમાં એક મુરબ્બીની હેસિયત દાખવે. એક વાર તો ચાનાસ્તા અંગે વ્યવહારની જે બેકાળજી હતી તે સભા વચ્ચે ખુલ્લી કરી દીધી, અને અમારી વહારે ધાયા. સમારંભના અંતમાં સમૂહ-ફોટોનું આયોજન હતું. એમાં એક બાજુ આગળની હરોળની ખેંચાખેંચી ચાલતી હશે ને બીજી બાજુ તેઓ ભોજનાલયમાં આવ્યા. અમે કેટલાક મિત્રો સાધન-સામગ્રી મેળવવાની તરખડમાં હતા, તે કામ છોડાવી ફોટો માટે લઈ ગયા. છેલ્લે છૂટા પડતાં તેમણે મને છાતી સરસો લઈ થાબડ્યો અને કહ્યું, 'કેટલાકની સાચી ઓળખ પામી શક્યો છું.' એ વાત્સલ્યપદ ઘટના હજી એટલી તાજી છે.

બીજા કવિતાસત્રનો પ્રસંગ ૧૯૬૫માં ગુજરાત વિદ્યાપીઠમાં યોજાયો. એનું આયોજન રઘુવીર ચૌધરીએ સંભાળ્યું, પણ હું ત્યાં સેવક હોવા છતાં ય કેટલાક સ્થાનિક સ્વહિતસાધકોએ મારી પરત્વેના અંગત વાંધાવચકે મને સાવ ટાળ્યો. તેથી હું તો એક શ્રોતાથી કંઈ હતો નહિ. બચુભાઈને એની જાણ થતાં મને બોલાવી પહેલાં તો મને ઉત્તેજિત કરી કામે લગાડ્યો. અને એમના વચને મન મનાવી મેં શક્ય તે કરી છૂટવા પ્રયાસ કર્યો. પાછળથી મારું મન પરિસ્થિતિની અસરમાંથી જલદી છૂટે એવા હેતુમાં તેમણે પત્ર લખ્યો, 'તમારા સૌના ઉત્સાહ અને પરિશ્રમને જ સત્રની સફળતાનો યશ છે. પડદા પાછળની તમારી દોડાદોડી અને સેવા મારા ધ્યાનમાં ખાસ આવી હતી. તમને ફરી ધન્યવાદ આપું છું. બુધવારે આવો ત્યારે પેલી સૌની સહીઓ-સરનામાં-વાળી નોટ લેતા આવશો,' (૮-૬-૧૯૬૫). સમય અને સંજોગ વચ્ચે સક્રિય રહી સ્વધર્મ બજાવવાની એ તાલીમ કેમ ભુલાય !

ઈ. ૧૯૭૧માં એક વાર હું મારાં પત્નીને કુમાર કાર્યાલયમાં હર બુધવારી બેઠકવ્યવસ્થા અને વચ્ચે બેઠક જમાવતા બચુભાઈને બતાવવાને સાથે લઈ ગયો. બચુભાઈ મોડા આવવાના હતા. એટલે મળેલા સમયમાં અમે કાર્યાલયની વ્યવસ્થા જોવામાં પડ્યાં. દેવ-બાળાએ સાંકડી જગ્યાની ગોઠવણ ધારીધારીને જોઈ લીધી. થોડું બોલી પણ પડી, 'તમે અહીંથી કશું જ શીખ્યા નથી.' મુરબ્બી આવી પહોંચ્યા. હાસ્યના ઉજાશે અજવાળતાં બાળકોની કુશળતા પૂછી લીધી. કૉફી પીવડાવી વિદાયમાં દરવાજા સુધી વળાવવા આવ્યા. દેવબાળાએ સહજભાવે કહી નાખ્યું, 'મુરબ્બી, એકાદ વાર અમારી સાથે જમવાનું રાખો. બાળકો રાજી થશે.' ક્ષણેકના થોભ પછી દિવસ આપી દીધો. તેડવાની ઔપચારિકતાની મના ફરમાવી. એ વખતે અમારે ત્યાંથી અર્ધા કિલોમિટરના અંતરે દાદાસાહેબનાં પગલાંનું બસ-સ્ટૅન્ડ હતું, છતાં ત્યાંથી પૂછતાપૂછતા સમયસર આવી રહ્યા. મિલનમાં કેટલાક સાહિત્ય-કાર મિત્રો નિમંત્રેલા. ખાસ્સા ત્રણેક કલાક સાથે રહ્યા. અમે માલિકીનું ઘર પામ્યાં હોઈ, સ્વજનભાવે આશીર્વાદ આપ્યા. અને મિલનની મધુરતા વાગોળતા રહી રજાઓમાં હું મારે વતન હતો ત્યાં પત્રમાં લખ્યું, 'તમારાં પત્નીનું મીઠું આતિથ્ય હજી યાદ કરું છું.' (૩૦-૫-૧૯૭૨). એના પ્રત્યુત્તરમાં બાળકોએ તેઓને દાદાજીના નાતે પત્ર પણ લખેલો. હજી યે બાળકો એટલાં જ ભાવસભર છે.

દિવાળીના વૅકેશનમાં અમે વતન હતાં. પડોશીને ત્યાં ગાય દૂઝણી. એનું ઘી મળી શકે તેમ હતું. બચુભાઈને કાગળ લખી ઘીની ઓફર કરી. પણ વળતી ટપાલે જ પ્રત્યુત્તર મળ્યો, 'ઘીનો તમારો પ્રસ્તાવ સ્નેહાર્દ્ર કરે છે. પણ હું ઉંમરને કારણે એ ખાઈ શકતો નથી. અને પુત્રો પોત-પોતાની પછેડી પ્રમાણે સોડ તાણતા હોવાથી એની જરૂર નથી રહેતી.' (૩૦-૫-૧૯૭૨). શ્રી લાભશંકર ઠાકરે ઘી અંગે ૯મી સપ્ટેમ્બર ૧૯૮૦માં લખેલી વાત કંઈક વિશેષ પ્રકાશ પાડે છે. અમે તો જરૂર પડ્યે કરકસરનો વિકલ્પ અપનાવી લેવાનો પ્રત્યક્ષ પાઠ પામ્યાં.

ઈ. ૧૯૭૩ના માર્ચની ૧૧મીએ બચુભાઈને ૭૫ની વય પૂરી થતાં તેનો અમૃતોત્સવ ઊજવવાની કેટલાક કવિમિત્રોને ઇચ્છા થઈ. તે માટે ત્રીજું કવિતાસત્ર યોજવાનાં ચક્રો ગતિમાન થયાં પણ બચુભાઈ તે માટે તૈયાર ન હતા. તેમણે અમને સમજાવતાં કહ્યું, 'અગાઉના કવિતા-સત્રના અનુસંધાનમાં મળવાનું ગમે. પણ વર્તમાન સંજોગોમાં સત્ર

યોજવું સાહસ બનશે.' એ સમયાનુસારી દર્શન માન્ય તો થયું. પણ એક સાદું સ્નેહમિલન યોજવાનું નક્કી થયું. બચુભાઈની ઇચ્છા મુજબ પિનાકિનભાઈની રાહબરીએ કાર્યક્રમ ગોઠવાયો. પ્રવચનો ટળાયાં. મુક્ત મિલન જામ્યું. સાદગીમાં પાથરણાં પર બેઠક રહી. મ્હોં મીઠું કરવામાં પેંડા-વેફરનાં પડીકાં વહેંચાયાં. સન્માન-સ્વાગત પેટે મુરબ્બી પોતે ગુલાબ વહેંચતા ગયા. અને છૂટા પડતાં તેમને બહાર મૂકવા ગયા. ત્યાં વધેલાં પડીકાંમાંથી થોડાં કુટુમ્બીજનોને યાદ કરી આપવા પ્રયાસ કર્યો. પરંતુ સામે સવાલ ઊભો કર્યો, 'તમે પણ કેમ ના લઈ જાઓ? તમારાં કુટુંબીજનોનો અધિકાર અમાન્ય છે? એમ વાતે હસી પડયા અને કુટુંબીજનોની સંખ્યા તારવી થોડાં લીધાં. એમાં અંગત-પણાની સાવધાની અનોખી જાગૃતિ આપી ગઈ.

૧૯૭૦માં 'કવિલોક'નું સંપાદન દ્વિજત્વ પામી મુંબઈથી અમદાવાદ આવ્યું. એના નવા ફેલાવામાં સહાયક થવાના ઇરાદે મેં ડઝનેક નકલો આદિવાસી વિસ્તારના પ્રવાસે સાથે લીધી. સર્વોદયી સંસ્થાઓમાં ગાંધીવાદી સાહિત્યથી વધારે વાચન કેળવાયાનો અનુભવ ના થયો. તેથી માંડ ચાર અંકો મિત્રોને શરમાવીને વળગાડયા. બચુભાઇને એ અનુભવ સીધી રીતે સમજાવતાં કહેલું કે, આદિવાસી વિસ્તારો આર્થિક ભીંસ વચ્ચે હોઈ, સંસ્થાઓ લવાજમ આપી શકે તેમ નથી. મારી હળવાભાવની વાત બચુભાઇએ તો ગંભીરભાવે લીધી. બે'ક માસમાં ગુપ્ત દાતાઓ મેળવ્યા. યોગ્ય યાદી તૈયાર કરાવી કવિલોક વર્ષદહાડો મફત પહોંચાડી નવી રુચિ કેળવવી શરૂ કરી. એ પ્રયાસ બેએક વર્ષ જારી રાખ્યો. એ ઘટના એમની સમાજના છેલ્લા સ્તર સુધી સહાયક થવાની વૃત્તિનું અજોડ ઉદાહરણ બન્યું છે.

એક વાર પ્રવાસેથી મેં બચુભાઇને કેટલીક વાતો સાથે કવિતા મોકલેલી. ઘેર આવ્યો એવો તેમનો પ્રત્યુત્તર પામ્યો, 'પત્ર સાથે ચાર કૃતિઓ મળી. એ પૈકી 'તહીં' કૈંક ઠીક છે. પણ એમાં નવીનતા નથી. એટલે 'કુમાર'માં લેવાનું મન થતું નથી. 'ચકરાવે'માં છઠ્ઠી પંક્તિમાં છંદોભંગ છે. કવિતા માટેની તમારી લગની અને ખંત જોઇને પ્રસન્ન થાઉં છું. પણ એની પ્રસિદ્ધિને માટેની ઉત્કંઠા બહુ રાખીને દુ:ખી ન થશો. હેમંત (દેસાઇ)ને એક વખત લખ્યું હતું તે કદાચ તમે જાણતા હશો કે—'પ્રસિદ્ધિ' અને 'પ્રતિષ્ઠા' બે જુદી વસ્તુઓ છે, આપણે બીજીને માટે ઇચ્છા તથા પ્રયત્ન રાખવાં જોઇએ. મનને બહુ આવું થવા દેશો નહિ. સકુટુંબ પ્રસન્ન હશો.' (૯-૨-૧૯૭૪). આ વચનો તેમણે આપેલા સંસ્કારના એક અખંડિત ભાગ જેવાં અમારામાં ધબકયાં કરે છે.

ઈ. ૧૯૭૬માં 'કવિલોક'નો વર્ષા-શરદ અંક સ્વ. પ્રિયકાન્ત મણિયારનો સ્મૃતિ-અંક થયો. એમાં મેં 'બુધ કવિસભાના સંગાથમાં પ્રિયકાન્તભાઇ' એમ કરી આત્મીયભાવે કેટલાંક સંસ્મરણો તારવેલાં છે. બચુભાઈ ઘણી વાતોમાં કેન્દ્રસ્થાને હોય તે સ્વાભાવિક હતું. જે કંઈ વિગતો હતી તેમાં બચુભાઈનું ચરિત્રચિત્રણ વધારે સ્પષ્ટ બને તે માટે કેટલાક મિત્રોએ લખાણ બેએક વાર મઠારાવ્યું. તે તંત્રીશ્રીને પહોંચતું તો કર્યું, પણ બચુભાઈનું કહેણ આવ્યું કે મારે સમય કાઢી એમને રૂબરૂમાં મળવું. મળ્યો ત્યારે પેલા લેખની પ્રત પરત કરતાં કહ્યું, 'ફરીથી લખશો? રજૂઆતમાં પ્રિયકાન્તની વાતો પર લક્ષ આપવું. બચુભાઈ પર નહિ.' ઘેર શાન્તિથી વાચન કરવા લાગ્યો તો જ્યાં બચુભાઈના ઉલ્લેખો અનિવાર્ય માની કરેલા તેમાંથી ઘણાખરા તેમણે જ રદ કરેલા જોયા. ચિત્તમાં જે ઝબકારો થયેલો તે આજે કંઈક શીખવ્યા કરે છે.

ઈ. ૧૯૭૬માં મેં પીએચ.ડી.ની પદવી મેળવી. સંશોધનમાં 'ગુજરાતી નવલકથામાં આલેખાયેલું લક્ષ અને કુટુંબક્ષેત્રે સામાજિક પરિવર્તન' વિષય હતો. બચુભાઇએ સહાયમાં કુમાર કાર્યાલયનું ગ્રંથાગાર



△ લેખકના નિવાસસ્થાને (ડાબી બાજુથી) સર્વશ્રી નિરંજન ભગત, (સ્વ.) અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, માણેકલાલ પટેલ, બચુભાઈ અને સ્નેહરશ્મિ.

વાપરવાની છૂટ મૂકી. અને અવારનવાર રસ લઈ ઉપયોગી એવાં પેપર-કટિંગો પણ આપે. પદવી-પ્રાપ્તિના અભિનંદનમાં મારાં પત્નીને યાદ આપી, તેમને ફરીથી અભિનંદવાને ઘરે આવવાનો વાયદો કર્યો. એમાંથી અમે અમારાં વિદેશ જતાં સંબંધીઓને શુભેચ્છા પાઠવવાની તક લઈ એક ઊધિયા-પાર્ટી ગોઠવી. સાહિત્યિક મુરબ્બીમિત્રો અને સગાંસંબંધીઓને નિમંત્ર્યાં. મિલનના સમયની ૫ થી ૬ મિત્રો અને ૬ થી ૭ સગાંઓ એમ વહેંચણી કરેલી. નિવાસના ધાબે ઢળતી સાંજ સ્નેહથી છલકાઈ ઊઠી. પણ બચુભાઇએ ૭ વાગતાં વિદાય માગી. વિદેશ જનારાંએ થોડું વધારે રોકાવાને આગ્રહ કર્યો. તેઓએ તો સમયપાલનના આગ્રહે દસેક મિનિટ વધારે આપી વિદાય જ લીધી. મુરબ્બી ઉમાશંકરભાઈના જાહેર કથન મુજબ તેઓ સાચે જ અંગ્રેજ પ્રજાની શૈલીના સમયપાલક હતા. પેલાં વિદેશી સ્નેહીઓ એ ઘટના હજી સંગ્રહી રહ્યાં છે.

એક વાર ભાઈ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે મારી કને ગુજરાતી નવલિકાના અભ્યાસમાં 'મલયાનિલ'ના 'ગોવાલણી અને બીજી વાતો'ના ગ્રંથની નકલ મેળવી આપવા માગણી મૂકી. તે વિદ્યાપીઠના ગ્રંથાલયના કૉપીરાઈટ વિભાગમાં હતો, પણ તે નિયમ મુજબ ત્યાં બેસીને વાંચવો પડે. એનું મુદ્રણ કુમાર કાર્યાલયનું જાણી હું બચુભાઈ પાસે ગયો. તેમણે સમજાવ્યું, 'અહીં દરેકની એક નકલ સંગ્રહવાનો પ્રયત્ન હોય છે. સંદર્ભ સામગ્રી પેટે બધું સચવાય છે. એટલે બહાર જતું પુસ્તક ગુમાવવાની દહેશત રાખી, અહીં બેસવાવાંચવાની સવડ આપીએ છીએ.' મેં તેમને અનિરુદ્ધની તકલીફો કહી, પણ કંઈ વળ્યું નહિ. પરંતુ બીજે દિવસે તેમનો ટેલિફોન આવ્યો. 'અનિરુદ્ધભાઇને માઠું તો નથી લાગ્યું ને? એમ કરો, તમે એટલે માણેકલાલ પરત કરવાની જવાબદારી સાથે લઈ જઈ શકો છો. મારું ગાંભીર્ય સમજશો.' તે અમે લઈ અને પરત કરી આવ્યા ત્યારે એ જ સ્નેહાભરી વાતો અને કૉફી મળ્યાં. પણ તેમની વસ્તુને સાચવવાની હિફાજતનો ખયાલ કાયમી કરવાની મથામણ ચાલુ છે.

બચુભાઈનાં પત્નીના સ્વર્ગવાસે અમે એટલે કે કનુભાઈ જાની અને હું મળવા ગયેલા. તેમણે અમને પોતાના અભ્યાસખંડમાં બોલાવ્યા. તેમના ચહેરા પર એકલા પડયાની છાયા વર્તાતી જોઈ અમે તો કશું જ બોલી શકયા નહિ. કનુભાઇ ગદ્ગદિત થયા. તે સ્થિતિ રોકતાં તેમણે પરિવારોના ખબરઅંતર પૂછવા શરૂ કર્યા. ધીમેધીમે વાત વાળી લેતાં વિદાયની મુદ્રામાં હાથ ઊંચો કર્યો. પણ મને નજીક બોલાવી એક યાદ આપી. વાત એમ હતી કે, મારે ગુજરાતના આદિવાસી વિસ્તારોના

પ્રવાસનાં અવલોકનો લખવાં શરૂ કરવાં. પણ તેમના કડક પરીક્ષણના અને 'કુમાર'ની કક્ષાના મંથને રહી લખવાની હિંમત ન જ કરી શકયો. ઇજન ઉંવાર થયું.

બચુભાઇને ત્યાં તેમના પૌત્રના લગ્ન નિમિત્તે કેટલાક મિત્રોની સાથે મને ય જમવાનું નિમંત્રણ મળેલું. ચારેક દિવસ વહેલા અમે મળવાને ગયા. કામકાજમાં સહાયક થવાની લાગણી વ્યક્ત કરી તો તેમણે મુક્ત હાસ્યે જવાબ આપ્યો, 'હવે તમારી સહાય લઈ શકાય નહિ, તમે જ જોઈ શકો છો, પરિવારમાં દીકરાઓના દીકરાઓ અને જમાઇઓના જમાઇઓ પૂરતી સંખ્યામાં છે. ચિંતા કરવા જેવું નથી. તમારો પ્રેમ માન્ય. ખુશીથી સમયસર જમવા પધારજો.' તેમાં વ્યવહાર લેખે ચાંલ્લો આપવા ગયા તો, કોનો સ્વીકારવો તેની પૂરતી સજ્જતા સાથે લેનારને બેસાડેલા. વારુ, હું બડભાગી હતો.

બચુભાઇએ છેલ્લેછેલ્લે મને કવિતાની હસ્તપ્રત તૈયાર કરવા કહેલું. કરી પણ ખરી. પણ એમને તે બતાવવી રહી જ ગઈ. હવે તો 'શાશ્વતી' નામે તેમને કાવ્યકર્મનું શ્રેય અર્પણ કરી પ્રસિદ્ધ કરવાની તૈયારીમાં છું. મારા એમને અંતરતમ પ્રણામ હો ! □

'કેમ, શું લાવ્યાં છો ?'

ગીતા પરીખ

'ખરાં છો તમે ? આટલા બધા અનુસ્વારો ભૂલી જવાય ? હવે તો મારે તમને 'અનુસ્વાર-શત્રુ' જ કહેવાં પડશે ! આ સાથેનું કાવ્ય જોજો !' અને મેં મોકલાવેલા એક કાવ્યના ઉત્તરમાં બચુભાઈના મીઠા ઠપકા સાથે અનુસ્વાર અંગેનું 'સુન્દરમ્'નું કાવ્ય પણ કવરમાંથી નીકળ્યું. એમાંથી અનુસ્વારના નિયમોની છંદોબદ્ધ સમજ પણ મળી. કાવ્યસર્જનના ઘડતરકાળમાં આવું સાચું કહેનાર પણ ક્યાંથી મળે ? ત્યારના એમના આવા માર્ગદર્શક પત્રો મારે મન 'અમૂલ્ય મૂડી' રૂપ બનેલા.

ત્યારે હું મુંબઈમાં રહેતી – લગભગ સને ૧૯૫૦માં. મારા પિતાજી - સ્વ. પરમાનંદ કાપડિયા – સાથે બચુભાઇને નિકટની મૈત્રી હતી. ત્યારે બચુભાઈ ધારાસભ્ય હતા. એટલે એ ધારાસભાને કામે જ્યારે મુંબઈ આવે ત્યારે ઘણી વાર અમારે ઘેર પણ ઊતરતા. મને નાનપણથી કાવ્યો લખવાનો શૉખ, પણ ક્ષોભ એટલો કે વર્ષો સુધી એ બધા કાવ્યપ્રયાસોને હું મારા ભણવાના ટેબલના ખાનાના ઊંડાણમાં સંતાડીને રાખતી. ખુદ પિતાજીને એ વાતની જાણ નહોતી. પરંતુ બચુભાઇનો કાવ્યશૉખ આ વાત પામી ગયો અને એમણે ધીરેધીરે મારો એ 'ખજાનો' બહાર કઢાવ્યો. ત્યારના મારા તદ્દન અણઘડ પ્રયત્નોમાં પણ એમને આશાનું આછું કિરણ દેખાયું કે શું ? પણ એમણે મારો ક્ષોભ પણ દૂર કરવા માંડ્યો. પછી તો એ જ્યારે મુંબઈ આવે ત્યારે મને અચૂક પૂછે : 'કેમ, શું લખ્યું છે ?' અને પછી જે કાચાંપાકાં કાવ્યોનો ફાલ એમને બતાવું તેને મા જેવી માવજતથી જુએ-માણે તથા એ વધુ સારાં કેમ થાય તે ઝીણવટપૂર્વક સમજાવે. આમાં કડવું સત્ય કહેવું પડે તો તે પણ એવી સરસ રીતે કહે કે એમનું વાત્સલ્ય જ નીતરતું લાગે અને મુંબઈથી પાછા જતી વખતે તેઓ મને ગુજરાતી કે અંગ્રેજી કાવ્ય પર સરસ મજાનું પુસ્તક ભેટ આપતા જાય. તેઓ મુંબઈમાં ન હોય ત્યારે પણ મને માર્ગદર્શન મળતું રહે એ માટે કવિશ્રી રાજેન્દ્ર શાહને મારો પરિચય પણ એમણે જ કરાવેલો, કે જે આજ સુધી મારે માટે ગુરુપદે છે. આમ છતાં હું જે કંઈ લખું તે મારે એમને તો મોકલવાનું જ – એવો એમનો આગ્રહ. આમ ટપાલમાં કાવ્યો મોકલું એ પણ ખૂબ રસથી વંચાય અને થોડા જ દિવસમાં ઝીણા, સુંદર મરોડદાર અક્ષરોમાં એમનો જવાબ મળે જ. આ પત્રોમાંની બારીક આલોચના ને પ્રેમાળ પ્રોત્સાહન ભલભલા કવિને જીવનનો અપૂર્વ લહાવો લાગે. મારા તો એ 'કાવ્ય-પિતા' હતા !

માત્ર મને જ નહિ, ગુજરાતના અસંખ્ય કવિઓને એમણે આવી રીતે 'પા પા પગલી'થી માંડીને રસ્તે દોડવા સુધી સાથ આપ્યો છે. તેઓ માત્ર રસ્તો ચીંધતા નહોતા, પણ હાથ ઝાલીને રસ્તે સફર કરાવતા હતા. મારા જેવું કોઈ પણ કાવ્યરસિક એમને મળવા જાય એટલે એમની આંખોમાં અજબ કાવ્યપ્રેમ ચમકતો, અને માર્મિક સ્મિતમાં સુંદર કાવ્ય માટેની આતુરતા સાથે એ અચૂક પૂછતા 'કેમ, શું લાવ્યા છો ?' પછી તો આપણી પાસે જે હોય તે ધરવું જ પડે ને ? કોઇને પણ 'કવિ' બનાવવાને માટે એમની આતુરતા તત્પર રહેતી. આમ પોતે કવિ થવાને બદલે 'કવિ-સર્જક' થવામાં અનેરી સાર્થકતા અનુભવતા. પણ એ કવિ ન હતા એમ તો કેમ કહેવાય ? જુઓ આ મુક્તક—

'મહત્ત્વાકાંક્ષાનો અખૂટ વહડાવી ઉર-ઝરો
પ્રભુ, શાને દીધું લઘુ જીવનનું પાત્ર ઝીલવા?'

આવું પાણીદાર મુક્તક સર્જનાર બચુભાઈમાં કાવ્યશક્તિનો કેવો અખૂટ ઉર-ઝરો વહેતો હતો એનો બધાંને ખ્યાલ નહિ હોય. કારણ કે એમના જીવનપાત્રમાં બીજા અનેક પ્રવાહો પણ વહેતા હતા. સાહિત્ય એના સર્વ પ્રકારો, ચિત્રકળા, ફોટોગ્રાફી, વિજ્ઞાન, નૃત્ય, સંગીત વગેરે અનેક વિષયોનું એમનું તલસ્પર્શી જ્ઞાન તો 'કુમાર'ના વાચકોને ચકિત કરી દે એવું હતું. અને છતાં જિજ્ઞાસા અખૂટ. કોઈ પણ શબ્દ કે વિષય અંગે સંદેહ થાય તો 'શબ્દકોષ' ને 'સંદર્ભ-ગ્રંથો' હાજર જ હોય. એમાંથી ચોક્કસ માહિતી મેળવ્યે જ એમને સંતોષ થાય. એટલે જ આવું સુદીર્ઘ જીવન પામવા છતાં બધા પ્રવાહો ઝીલવા માટે એમને જીવનનું પાત્ર લઘુ લાગ્યું. વળી, આ લઘુ જીવનમાં એમને જાતે રંગમંચ



આકાશવાણી ઉપર કવિમિલન તા. ૨૭ માર્ચ, ૧૯૬૧. (ડાબી બાજુથી) સર્વશ્રી શ્રીકાન્ત માહુલીકર, વિબુધ મહેતા, ગીતાબેન કાપડિયા, વ્રજલાલ દવે, બચુભાઈ રાવત (સંચાલક), વિનોદ અધ્વર્યુ, હેમંત દેસાઈ, ચિમનલાલ ત્રિવેદી, રમણલાલ પંડ્યા (સનાતન) અને રવીન્દ્ર ઠાકોર.

પર આવીને પોતાની શક્તિની પ્રતીતિ કરાવવાને બદલે પોતે તો 'નેપથ્ય'માં રહીને સર્જન-સંચાલનનો નિરાળો રાહ જ પસંદ કર્યો હતો. (આથી જ એમણે પોતાના ઘરનું નામ 'નેપથ્ય' પાડયું હશે કે ?) આવી આડકતરી રીતે પણ એમણે ગુજરાતી સાહિત્યને કેટકેટલાં નવસર્જનનો લાભ આપ્યો ! આ પ્રદાન શું નાનુંસનું છે ?

છેક ઉમાશંકર-સુન્દરમ્‌થી માંડીને આજના ઘણાખરા કવિઓને એમની બુધસભાનો લાભ મળ્યો છે. છેલ્લા લગભગ પાંચ દાયકાથી અવિરત વહેતી આવતી કાવ્યગંગા માણવા દર બુધવારે મળતી કવિઓની બિનઔપચારિક સભા તે 'બુધસભા' – જેનું લાડનું નામ 'બુધવારિયું''. તેમાં સમયનું કોઈ પણ બંધન નહિ, નહિ કોઈ સભ્યપદ, ન ફી, ન બંધારણ, ન હોદ્દાઓ (અને તે માટેના રાગદ્વેષો) કશું નહિ. છતાં એમાં આવનાર કવિઓનાં કાવ્યો તથા 'કુમાર' પર ટપાલમાં આવતાં કાવ્યોનો જે આસ્વાદ મળે તે ખરેખર યાદગાર ! ત્યાં થાય તેવી નિર્ભય ને નિખાલસ ચર્ચા બીજે ભાગ્યે થતી હશે.

સને ૧૯૫૧માં હું પહેલી વાર આ 'બુધસભા'માં ગઈ ત્યારે તો ખરેખર મને આંચકો લાગેલો. મેં તો કોઈ સ્વચ્છ, સુઘડ હૉલમાં મળતી વ્યવસ્થિત ને કૈંક મોટી સભાની કલ્પના કરેલી અને અહીં તો કુમાર કાર્યાલયના પ્રેસમાં, દિવસે પણ બત્તી કરવી પડે તેવા ખૂણામ, અનેક બીબાં વચ્ચે આપણે પણ બીબાં જેમ જયાં ત્યાં ગોઠવાયેલાં લાગીએ તેવી 'સભા' હતી. જગ્યાની સંકડાશને લીધે આગળપાછળ ગમે તેમ 'સ્ટૂલ' મૂકીને ગોઠવાયેલા બાર પંદર કવિઓ એકબીજાને તેમ જ (એના સૂત્રધાર) બચુભાઇને પૂરા જોઈ પણ ન શકે. હા, અવાજ સંભળાય ખરો ! જેમાં પિનાકિન ઠાકોર, પ્રિયકાન્ત મણિયાર, બાલમુકુન્દ દવે વગેરેના અવાજ હજી યાદ આવે છે. ત્યારની એ વાસ્તવિકતાના ચોકઠામાં મારા કાલ્પનિક 'બુધવારિયા'ને ગોઠવતાં નાળિયેરનું કાચલું તોડવા જેવું લાગ્યું. અને હા. એ 'નાળિયેર'નાં મીઠાં પાણીનો સ્વાદ પણ પહેલી જ બેઠકે માણવા મળ્યો ! બહારના કોઈ દેખાવ કે દંભ વગર બચુભાઈ એ જ આતુરતા સાથે દરેક કવિને પૂછતા, 'કેમ, શું લાવ્યા છો ?' અને વહેવા માંડતી નિત્યનવીન કાવ્ય-સરિતા !

જીવનના અંત સુધી અસ્ખલિતપણે પ્રગટ થતી આ મહાશક્તિમાં કોઈ અખૂટ સામર્થ્ય હતું. એમના સ્મરણ સાથે જ તરી આવે છે એમની જ્ઞાનપિપાસા. આપણે જ્યારે એમને રસ્તે ઉપર જઈશું ત્યારે સ્વર્ગના 'નેપથ્ય'માંથી પણ એ પૂછે તો નવાઈ નહિ કે, 'કેમ, શું લાવ્યાં છો ?' □

બચુકાકાનું વાત્સલ્ય

ડૉ. બહેચરભાઈ ક. પટેલ

મુ. બચુભાઈનું વાત્સલ્ય સૌથી વધુ તો 'કુમાર' અને તેના નવોદિત કવિઓ, લેખકો અને કલાકારો ઉપર વરસ્યું હશે. 'કુમાર'ના કુમાર ભાવકોને પણ જીવનભર તેવું જ વાત્સલ્ય પીરસ્યું છે.

પણ મારે માટે તેઓ એક રીતે 'કાકા' હતા. એમનો નાનો પુત્ર સ્વ. અનંત મારો મિત્ર. ગુજરાત કૉલેજમાં અમે એક જ પાટલી પર બેસીને ભણતા હતા. હું, શ્રીકાન્ત દલાલ અને અનંત રાવત આગળની– એટલે કે બહેનોની પાટલી પછીની પાટલી પર બેસતા. કોઈ વાર અમારી જ પાટલી પર કે પછીની પાટલી પર પોપટભાઈ ને ગોસ્વામી બેસતા. અમે પાંચે ય ભણનારા, શાંત અને આજ્ઞાંકિત વિદ્યાર્થીઓ. પાંચેમાં સૌથી વધુ શાંત, સરળ ને સુંવાળો અનંત. હું મૅરિટ-સ્કૉલર, એટલે અભ્યાસ પ્રત્યે વધુ લક્ષ, અને મારા પ્રત્યેના સ્નેહ-સદ્‌ભાવથી અમારું મિત્રવૃંદ જામેલું. અનંત પણ એવી પ્રકૃતિ અને સદ્‌વૃત્તિને કારણે મારો પ્રિય સહાધ્યાયી બનેલો. એ 'કુમાર'ના તંત્રી શ્રી બચુભાઈ રાવતનો 'સન' છે એ જાણ્યા પછી વિશેષ પ્રેમાદરથી જોતો. એ પણ પ્રથમ વર્ગ પ્રાપ્ત કરે એવો તેજસ્વી વિદ્યાર્થી હતો અને એના માનવીય ગુણે એ ગરવો હતો. 'અહમ્' તો જરાય ન મળે. સરળતા તો પારદર્શક, ને આશય ઉચ્ચ. મોં પર નિખાલસ હાસ્ય રમ્યા કરે. એ ખરેખર તો સારી કારકિર્દી માટે જન્મ્યો હતો.

પણ એક કરુણતા ત્યારે જન્મી ચૂકી હતી. એનું હૃદય નબળું હતું. એની સારવાર માટે એ વા. સા. હૉસ્પિટલમાં રહી ચૂક્યો હતો. ડૉક્ટરનો અભિપ્રાય હતો કે 'હાર્ટ'' નબળું છે માટે સાચવવું.

અમે ત્રણેક વર્ષ સાથે ભણ્યા. વિષય બદલાયા. પણ મૈત્રી ચાલુ રહી. કૉલેજમાં, બાગમાં, લાયબ્રેરીમાં મળીએ. એના નિમંત્રણથી એનું – 'બચુભાઈ રાવત' જેવા મહાનુભાવનું ઘર 'નેપથ્ય' જોયું હતું. બસમાંથી તો અનેક વાર અને આજે પણ ત્યાં નજર ગયા વગર રહે નથી.

હું બી. એ. થઈ ગયો. શાળામાં હેડમાસ્તરની નોકરી સાથે એમ. એ. કરતો હતો. અમદાવાદ છોડયું. અનંતે તબિયતને કારણે અને 'ક્લાસ' લાવવા માટે એક વાર ડ્રૉપ લીધો હતો એવું યાદ છે. પણ એ મને ભૂલ્યો નહોતો. એના પત્રો આવતા. એક પત્રમાં લખ્યું હતું, 'હું તમને કોઈ લહેરાતા ખેતર વચ્ચે ઊભેલા, ને વર્ગમાં ભણાવતા કલ્પી શકું છું…' ભાવભર્યો એ પત્ર હું છેક હમણાં સુધી સાચવી રહ્યો હતો. છેલ્લે બચુકાકાને મોકલાવી દીધો.

તે પછી અનંતનો પત્ર નહોતો. કોઈ સમાચાર પણ નહિ. પણ મારે અમદાવાદ આવવાનું થયું. ઠીક સમયે આવ્યો. સાંજ શું, રાત પડી હતી. પાલડી ઊતરી ચાલતો અનંતને ઘેર જઈ પહોંચ્યો. 'નેપથ્ય'ના બારણે જઈ બેલનું બટન દબાવ્યું. બારણું ખૂલ્યું. ખુરશીમાં બેઠો. બેન પાણી આપી ગઈ. મેં પૂછ્યું, 'અનંત છે ?' કોઈ જવાબ નહિ. જે આવે તે પ્રશ્ન સાંભળી પાછું જાય. આખરે બચુકાકા આવ્યા. મેં નમસ્તે કર્યા. મેં પૂછ્યું, 'અનંત નથી ?' પણ એનો જવાબ આપ્યા વિના જ બચુકાકાએ તો મને પ્રશ્નો પૂછવા માંડયા, 'શું કરો છો ? આજે અહીં ક્યાંથી ? અભ્યાસ ચાલુ જ છે ?' શું થવા ધાર્યું છે ? પ્રશ્નો પૂછીપૂછીને મારી છેલ્લી માહિતી લઈ લીધી. થોડો વખત એ વાતચીતમાં વીતી ગયો. પણ હું ક્યાં એ મહાનુભાવને મળવા ગયો હતો ? મેં તો ફરી પૂછ્યું, 'અનંત બહાર ગયો છે ?' બચુકાકા તો એ જ ધીરગંભીર રીતે વાત કરતા રહ્યા, 'તમે જાણો છો કે અનંતને બહુ ઓછા મિત્રો હતા. તમારા જેવા, શ્રીકાન્ત જેવા બેચાર મિત્રો હશે…'

પછી થોડી વાર સુધી હું એમને સાંભળતો જ રહ્યો અને મૂંઝાતો જ રહ્યો. પછી એ ધીરે રહીને બોલ્યા : 'તમને ખબર હશે કે એનું હાર્ટ નબળું હતું…' હું ગંભીર થઈ સાંભળવા લાગ્યો. કશુંક મારી સમજમાં આવતું હતું. એમણે ધીર ને ત્રુટક ગતિએ આગળ કહ્યે રાખ્યું. 'એમ તો રહ્યા જ કરતું, તબિયત બગડે, સુધરે, વધુ બગડે. પછી એને વી. એસ.માં દાખલ કર્યો. ત્યાં જ રાખ્યો. તબિયત સુધારા પર હતી. ડૉક્ટરે કહ્યું હતું કે એનું 'હાર્ટ'' બહુ 'વિક' છે, પણ ડૉક્ટરને ય ખબર નહોતી, કે…એ આમ એકાએક બંધ પડી જશે. તબિયત બહુ બગડી. ગભરા-

મણ થવા માંડી, એટલે ડૉક્ટરને બોલાવ્યા. પણ ડૉક્ટર આવે તે પહેલાં તો... ડૉક્ટરે કહેલું કે એનું હાર્ટ ગમે ત્યારે બંધ પડી જશે, પણ આટલું જલદી બંધ પડી જશે એની તો કલ્પના જ ન હતી. ગઈ ૩૦મી જૂને એ ગુજરી ગયો.'

હું સ્તબ્ધ બની ગયો. મારે ગળે ડૂમો ભરાઈ આવ્યો. એ પણ લાગણીવશ બની ગયા હતા. અમારી વચ્ચે થોડી વાર તો અનંતના અવસાનના દુઃખનું મૌન જ રહ્યું. હું નતમસ્તકે બેસી જ રહ્યો.

એમનો અવાજ સંભળાયો, 'અનંતને બહુ ઓછા મિત્રો હતા. તમારો તો મને ખયાલ છે, તમારા કાગળો આવતા. બહુ સારો છોકરો હતો...' હું બોલી શક્યો, 'હા, ખરેખર બહુ સારો મિત્ર હતો. શહેરમાં એવો મિત્ર ભાગ્યે જ મળે.'

બચુકાકા અનંતને યાદ કર્યે જ જતા હતા અને મને શોકની લાગણીના ઓથારમાંથી બહાર કાઢ્યે જતા હતા. પણ પછી એ વળી ગંભીર થઈ ગયા. અંતે હમદર્દી વ્યક્ત કરતાં મેં ભારે હૈયે વિદાય માગી.

બચુકાકા ઊભા થયા. હું ઊભો થયો. એ મારી પાસે આવ્યા. મારા બરડે હાથ મૂકીને આશ્વાસન આપતાં બોલ્યા, 'તમે બહુ આશાથી આવ્યા હશો...' પછીના શબ્દો એ બોલી શક્યા નહિ. હું ધીરેધીરે પગથિયાં ઊતરી ગયો

પણ એ પછી 'નેપથ્ય'માં ક્યારેય નથી ગયો. અન્યત્ર જ્યારેજ્યારે મળ્યો છું ત્યારે એમનું વાત્સલ્ય માણ્યું છે, જાણે હું અનંત જ હોઉં. બોરસદથી પત્ર લખ્યો હતો ને મેં મારી ઓળખ અનંતના મિત્ર તરીકે આપી ત્યારે એમણે લખ્યું હતું : '...આટલાં વર્ષો પછી પણ હું ને મારી પત્ની અનંતને ભૂલી શક્યાં નથી. એવો એ પ્રેમાળ ને તેજસ્વી હતો.'

સૌને સદાય કેળવતું એવું એમનું વાત્સલ્ય વિશિષ્ટ હતું. ઘરનાં સૌ પર પ્રેમ અને બહાર પણ સૌ પ્રત્યે પ્રેમ. પણ એ ખોટાં લાડ કોઈને ય ન કરે. ડૉ. માણેકલાલ પટેલ સાથે કવિતા લઇને 'કુમાર'માં જતો, તો એ પ્રેમથી કૃતિને સુધારવાની સૂચના આપે. છેલ્લે બચુકાકાને મળવાનું થયું તે પણ માણેકલાલ ડૉક્ટર થયા તે પ્રસંગે એમના ઘરની અગાશી પર ગોઠવેલા મિલનમાં. પહેલાં તો તેઓ મને ઓળખી ન શક્યા, પણ પગથિયાં ઊતરતાં માણેકલાલે કહ્યું, 'બહેચરભાઈ મળ્યા ?' તો એ પાછા વળ્યા. હું સામે ગયો ને મેં કહ્યું કે હું તો મળ્યો હતો. એમણે કહ્યું, 'પણ મેં તેમને ઓળખ્યા નહોતા ને ?' ફરી ખભે હાથ મૂકી મારી ખબર પૂછી, તે દિવસે જેવી નિકટતાથી મળ્યા હતા તેવી જ નિકટતાથી. જાણે હું અનંત ન હોઉં.

ઘણા મહાનુભાવો, સાક્ષરો, કેળવણીકારોને મળ્યો છું. પણ બચુકાકાએ જે નિર્વ્યાજ પ્રેમ દર્શાવ્યો છે તે બીજા ઓછા પાસેથી મળ્યો છે. બચુકાકાના હૈયામાં અપાર વાત્સલ્ય હતું. એનાં અમી પીને અનેક કવિઓ, કલાકારો અને ભાવકો ઊછર્યાં છે. □

સંસ્કારિતાની સૌમ્ય ફોરમ

—ડૉ. રમણલાલ જોષી—

બચુભાઈને સૌપહેલાં ક્યારે મળવાનું થયું એ યાદ નથી. પણ એમની સંસ્કારિતાની સૌમ્ય ફોરમ ઘણા સમય પહેલાં અનુભવ્યાની પ્રતીતિ છે, અને એ પ્રતીતિ સુખદ છે. સ્વ. વિજયરાય વૈદ્ય અમદાવાદમાં એમના ભાઈ ડૉ. ભદ્રસુખ વૈદ્યને ત્યાં ઊતરતા. ત્યારે થોડા અંતરંગ લેખકો સાથે સ્વાભાવિકપણે મિલન યોજાઈ જતું. બચુભાઇને બેત્રણ વાર એ રીતે મળવાનું થયેલું. વિજયરાયે તેમના માટે 'કલામજૂર' શબ્દ યોજેલો. કળા જેવા સુકુમાર પદાર્થને માટે કઠોર તપસ્યાની જરૂર રહે છે. બચુભાઈમાં એ સાધના બરાબર પ્રગટેલી, એનો પારા પણ ઠીકઠીક માણસોને એમણે લગાડેલો. કવિતાકલા જ નહિ પણ ચિત્ર, શિલ્પ, મુદ્રણ આદિ વિવિધ કળાઓમાં તેમની સૂઝ ઊંચા પ્રકારની. એમની ચકોર આંખ જ્યાં પડે ત્યાં કશુંક સુરેખ આકાર પામી લેતું. કલામાં જેમ આંતરિક નિયંત્રણાની આવશ્યકતા રહે છે તેમ કલાવિદ બચુભાઈમાં પણ એક સ્વયંપ્રેરિત નિયંત્રણનું તત્ત્વ હતું તે બાહ્ય રીતે એમની સમગ્ર જીવનરહેણીમાં પ્રગટ થતું.

બચુભાઈ રાવતના નામ સાથે 'કુમાર' અને 'બુધ-કવિતા-સભા'નું નામ હમેશાં જોડાયેલું રહેશે. 'કુમાર' દ્વારા તેમણે આવતી કાલના જ નહિ, પણ આજના નાગરિકોને પણ ઘડ્યા. ગુજરાતની ઊછરતી પેઢીના તે સંસ્કારવિધાયક બન્યા. કવિતા, ચિત્ર, શિલ્પ, વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન વ. વિષયોની ઉપયોગી અને શક્ય હોય ત્યાં સુધી સચિત્ર સામગ્રી 'કુમાર'નાં પાનાંમાં રજૂ થતી. યુવાનોના સર્વાંગી રસરુચિ-ઘડતરમાં એમણે મહત્ત્વનો ફાળો આપ્યો. કવિતા પ્રત્યે તો એમને ખાસ પક્ષપાત ગુજરાતીમાં કવિતા લખતો કોઈ ભાગ્યે જ એમની બુધસભામાં ગયા સિવાય રહ્યો હશે. બચુભાઈ પોતે કવિ ન હતા. પણ કવિતાના ઝવેરી હતા. કવિતાના મર્મજ્ઞ તરીકેનું તેમનું કામ પ્રશસ્ય કહી શકાય એવું છે. ૧૯૮૦માં તેમણે વિધિપૂર્વક બુધ કવિતાસભાની ગુજરાતી સાહિત્ય પરિષદને સોંપણી કરી. લગભગ અર્ધી સદી સુધી આ અનૌપચારિક બુધસભાએ અર્વાચીન ગુજરાતી કવિતાના વિકાસમાં જે ફાળો આપ્યો છે તેનું મૂલ્ય ઘણું મોટું છે.

ઉમાશંકરે ૧૯૩૯માં પોતાનો સંગ્રહ 'ગુલેપોલાંડ' બચુભાઇને અર્પણ કર્યો ત્યારે લખ્યું 'મનોનેપથ્યમાં જેના રંગરાગ સજ્યા અમે.' બચુભાઈ જીવનભર 'નેપથ્ય'માં જ રહ્યા છતાં અનેક લેખકોને તેમણે માર્ગદર્શન આપ્યું છે. સુંદરમે એ જ વર્ષે પ્રગટ કરેલો પોતાનો કાવ્યસંગ્રહ 'વસુધા' બચુભાઇને અર્પણ કરતાં લખ્યું છે: 'મારી કવિતાના અને મારા પ્રથમ તથા પરમ સુહૃદને'. બચુભાઈ સૌપહેલા કવિતાના સુહૃદ હતા, પછી કવિના. ગુજરાતી કવિતાને અને કવિઓને તેમનાં વાત્સલ્ય અને હૂંફનો લાભ મળતો. બચુભાઈ એટલે ભાવયિત્રી પ્રતિભાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ.

બચુભાઇમાં બ્રિટિશરની શિસ્ત હતી અને કળાકારનું સૌકુમાર્ય હતું. ૧૯૭૫માં તેમને ભારત સરકારે 'પદ્મશ્રી'નું માન આપ્યું. એ પછી સુન્દરમ્ સાથે બચુભાઇને ત્યાં જવાનું થયેલું. એનો બધો અસબાબ બતાવતાં-બતાવતાં તેમના મુખ ઉપર અંકાયેલી શિશુની નિર્દોષતા ને વિસ્મયના ભાવની રેખાઓ આજે પણ એટલી જ તાદૃશ થઈ રહે છે.

દેશપરદેશનું કોઈ ચિત્ર કે છબિ એમના જોવામાં આવે તો તરત 'કુમાર'ના વાચકો તેમને યાદ આવે જ. મહેનતથી એ મેળવે ને આપે ત્યારે જ જંપે. સાહિત્ય આદિ કળા ઉપરાંત વિજ્ઞાનમાં પણ જીવંત રસ હતો. કેવી વિવિધ વિષયની લેખમાળાઓ તેમણે આપી છે! સાગરની પરાક્રમગાથાનું 'સુકાની'નું પુસ્તક 'દેવો ધાધલ' તેમણે પ્રગટ કરેલું. એના વિશે બે શબ્દો લખાયા તો તે ખૂબ રાજી થયેલા. તરત મને પત્ર લખેલો. વિવેકમાં તેઓ બહુ જાગ્રત હતા.

બચુભાઈ કવિતાના પોષક અને સંવર્ધક હતા. સાહિત્યમાત્રમાં

વડનગરનું હાટકેશ્વરનું મંદિર

–પ્રફુલ્લ રાવલ

પ્રાચીનકાળમાં ઉત્તર ગુજરાતનો પ્રદેશ આનર્ત રૂપે ઓળખાતો ને તેનું કેન્દ્રસ્થ નગર હતું વડનગર. ચમત્કારપુર, આનર્તપુર, આનન્દપુર, સ્કંદપુર, વૃદ્ધનગર એ વડનગરનાં અપર નામો છે. પરન્તુ ભાષાકીય દૃષ્ટિએ વડનગર વૃદ્ધનગર પરથી વ્યુત્પન્ન થયું હોવાનું વિશેષ સંભવી શકે છે. ચમત્કારપુર કેવળ કલ્પિત છે. આનર્તપુર અને આનન્દપુરના અનેક ઉત્કીર્ણ ઉલ્લેખો છે. વડનગર માટે વૃદ્ધનગર એવો ઉલ્લેખ 'નિર્ણય દીપક'માં અચલ દ્વિવેદીએ કર્યો છે. જ્યારે જૈનાચાર્ય મેરુકીર્તિ કૃત 'જૈન શાશ્વતતીર્થમાલા'માં વડનગરનો ઉલ્લેખ હોઈ પંદરમા સૈકામાં એ નામ પ્રસિદ્ધ થઈ ચૂક્યું હોવાનું ફલિત થાય છે. 'સ્કન્દ પુરાણ'ના નાગરખંડમાંથી વડનગરની સ્થાપના વિષેની અનુશ્રુતિક કથા ઉપલબ્ધ થાય છે. પરન્તુ શ્રદ્ધેય પ્રમાણ પ્રાપ્ત નથી. છતાં ય ખોદકામમાંથી મળેલા પુરાવાએ ઈ.સ.ના પ્રથમ સૈકાની આસપાસમાં ત્યાં વસાહત હોવાનું પ્રમાણિત બને છે. કનૈયાલાલ ભાઈશંકર દવેએ વડનગર ચંદ્રગુપ્ત બીજાએ વસાવ્યું હોવાનું અનુમાન્યું છે. (જુઓ : 'વડનગરનાં સ્થળનામો', સ્વાધ્યાય, પુ. ૫, અંક ૩) ગુપ્તકાળમાં–મહદ્ અંશે વિક્રમાદિત્ય ચંદ્રગુપ્તના કાળમાં સુવર્ણનો પ્રચાર સારા પ્રમાણમાં હોઈ અને હાટક અર્થાત્ સુવર્ણનું લિંગ હાટકેશ્વરના મન્દિરમાં હોવાની પૌરાણિક કથાના અન્વયે એ અનુમાન શ્રદ્ધેય બની શકે તેવું છે. વળી, પુરાણોનું કર્તૃત્વ લગભગ ગુપ્તકાળની સમકાલીન લેખાયું હોઈ પૌરાણિક આધારે પણ વડનગર ચંદ્રગુપ્તના કાળમાં વસ્યું હોવાને સમર્થન મળે છે. વડનગરનું એક નામ સ્કન્દપુર એ આ નગર સાથેના અનુબંધને સમર્પિત કરે છે. અતઃ વડનગર એક વિશિષ્ટ પ્રાચીન નગર છે.



એ નગર ફરતો કોટ હતો જે જીર્ણ થઈ ગયેલો. એ નગરનો જીર્ણ પ્રાકાર વિ. સં. ૧૨૦૮માં કુમારપાળે પુનઃ (?) બંધાવ્યો હતો. અખંડિત પ્રાકાર દ્વાદશ દરવાજાયુક્ત હોવાનું આજે વિદ્યમાન છ દરવાજા પરથી અનુમાન છે. પશ્ચિમ દિશાનો દરવાજો 'નદી ઓળ' તરીકે જાણીતો છે. 'સ્કન્દ પુરાણ'ના નાગરખંડમાં ઉલ્લેખિત કપિલા નામની નદીનું વહેણ આ સ્થળે હોવાની દંતકથા પ્રચલિત છે. આ દરવાજા બહાર શિલ્પસભર હાટકેશ્વરનું સુંદર ભવ્ય મંદિર છે.

'સ્કન્દ-પુરાણ'ના નાગર ખંડમાં દર્શાવ્યા પ્રમાણે ચમત્કારપુરના વત્સગોત્રી બ્રાહ્મણે તપના અનુસંધાને ભવ્ય મંદિર બંધાવી સુવર્ણલિંગ સ્થાપેલું. આ તો માત્ર આખ્યાયિકા થઈ. વડનગર વસાવનાર ગુપ્ત રાજવીની ભાગવત ધર્મપરાયણતાએ હાટકેશ્વર એમણે બંધાવ્યું હોય તેને સમર્થન ન મળે. પરંતુ એમના રાજ્યકાળમાં શૈવ ધર્મી બ્રાહ્મણોએ ઈષ્ટદેવની અર્ચના માટે બંધાવ્યું હોય તેવી સંભાવના થઈ શકે. શ્રી મધુસૂદન ઢાંકીની માન્યતા છે કે હવે હાટકેશ્વર નામે પ્રચલિત વિશાળ મંદિર મૂલતઃ મૂળરાજે વડનગરમાં બંધાવેલું. આ મંદિરની ઉચ્ચ મૂલમંજરીનો વેણુકોષ શિખરનો પ્રકાર તેમ જ તેનો સમય નિર્દેશે છે. મૂળ મંદિર વઢવાણના રાણકદેવીના મંદિર જેમ એક શૃંગી લતિન શિખર પ્રકારનું હતું.* પરંતુ મંદિરના તળદર્શનના રૂપને અનુલક્ષીને ડૉ. કાન્તિલાલ સોમપુરાએ ઢાંકીના મતનું ખંડન કર્યું છે.+ મંદિરના મધ્યસ્થ શિખરના નીચલા ભાગમાં મૂળભૂત રૂપે સચવાયેલું ઉરુશૃંગ-શિખર સ્પષ્ટ દર્શાવે છે કે મૂળ મંદિર એકશૃંગી ન હોઈ શકે. તદુપરાંત ઢાંકીના મતને પ્રમાણિત કરતો કોઈ સાહિત્યિક કે અભિલેખીય પુરાવો ઉપલબ્ધ થતો નથી. મંદિરના સમયાંકન માટે તેનું રચનાવિધાન અને શિલ્પો ઠીક પ્રકાશ પાડે છે. રચનાદૃષ્ટિએ આ મંદિર પંદરમી સદીથી પ્રાચીન જણાતું નથી.

હાટકેશ્વર નાગરોના ઈષ્ટ દેવ છે. નાગરો પરમ શિવભક્તો છે. તેમની ઉત્પત્તિ શિવ દ્વારા થયેલી એવી દંતકથા પ્રચલિત છે. નાગરો લિંગપૂજક ભારશિવ નાગવંશના રાજાઓ સાથે સમ્બન્ધિત બ્રાહ્મણો હોવાનું અનુમાન છે. અતઃ હાટકેશ્વર લિંગપૂજક નાગર બ્રાહ્મણોના ઈષ્ટદેવ હોઈ સાતમી સદીમાં હ્યુએન ત્સંગે એક આબાદ નગર તરીકે વડનગરની નોંધ લીધી છે. અબુલ ફઝલે નોંધ્યા પ્રમાણે એ કાળે અહીં ત્રણેક હજાર મંદિરો હતાં. આજે પણ આ નગરમાં સંખ્યાબંધ મંદિરો છે. જાહોજલાલ તો નહિ, પણ વડનગર એક નાનું સુંદર શહેર છે. એક કાળે આશ્રય મળવાને કારણે અહીંના ધિણોજ લોકો આસપાસના પ્રદેશોમાં લૂંટફાટ માટે કુખ્યાત હતા. આગળ જતાં સયાજીરાવ ગાયકવાડ બીજાના સમયમાં મુંબઈ સરકારના દબાણથી તેમને મળતા આશ્રય છીનવાઇ જતાં ધીરેધીરે તેઓ અન્ય ધંધામાં વિખરાઈ ગયા. ઠગ-લૂંટારા માટે આજે યે ગુજરાતીમાં 'ધિણોજો' શબ્દ હજી ટકી રહ્યો છે. અહીંના બે કીર્તિસ્તંભોનું સિદ્ધપુરના રુદ્રમાળને મળતું શિલ્પ-સ્થાપત્ય તથા 'ચાવડી'ના શૈલસ્થંભોનું શોભનશિલ્પ પણ સુંદર છે. પરંતુ હાટકેશ્વર મહાદેવનું મંદિર અને તેનું શિલ્પ-સ્થાપત્ય એ અહીંનું મુખ્ય આકર્ષણ છે. બાજુમાં તથા પાછળના પૃષ્ઠ પર તેનાં ચિત્રો આપ્યાં છે. (ફોટો - વસન્ત પરીખ (વીરમગામ). આ અગાઉ આપેલાં દશાવતારનાં ફોટોચિત્રો પણ તેમનાં જ હતાં.)

* જુઓ : 'The Chronology of Solanki Temples of Gujarat. + 'The Structural Temples of Gujarat', page 221.





△ સમુદ્રમંથન (હાટકેશ્વર મંદિરનાં બે સુંદર શિલ્પખંડ) ભીમનું પરાક્રમ △

નાગરોની ઉત્પત્તિ અથવા તો આગમનો કાળ નિશ્ચિત થતાં હાટકેશ્વરનો કાળ નક્કી કરવામાં સુગમતા થશે. નાગરોનો પ્રથમ ઉલ્લેખ પરમાર સીયકના વિ.સં. ૧૦૦૫ના તામ્રપત્રનો હોઈ એ પૂર્વે આનર્ત પ્રદેશમાં એમનું અસ્તિત્વ નકારી ન શકાય. ધ્રુવસેન પહેલાના ગુપ્ત સંવત ૨૨૧-ના તામ્રપત્રમાં દાન દેનાર આનન્દપુર (વડનગર)નો સ્કંદત્રાત નામનો બ્રાહ્મણ નાગર હોવાનું અનુમાન છે. એ નામનું અંતિમ પદ 'ત્રાત' આજે પણ નાગરોને લગાડાતું 'ત્રાત' શર્મ એ અનુમાનને સમર્થન આપે છે. ખરગ્રહ બીજાના સં. ૨૩૭ના તામ્રપત્રમાં 'આનન્દપુર ચાતુર્વિદ્ય'નો ઉલ્લેખ વડનગરના નાગર બ્રાહ્મણનો હોય તો નાગરોનું વડનગરમાં અસ્તિત્વ છેક એટલું પ્રાચીન ઠરે. નગરના રહેવાસી અર્થાત્ નાગર એમ ન માનીએ તો નાગરોનું મૂળ વતન આનર્ત સ્વીકાર્ય ન બને. સંભવતઃ નાગર બ્રાહ્મણો કોઈ પ્રસંગે સ્થળાંતર કરી હાટકેશ્વર ક્ષેત્રે આવી સ્થિર થયા હોય! એ પછી ઠીક કાળે ઉક્ત મંદિર બંધાયું હોય!

હાટકેશ્વરનું ઉચ્ચ શિખરયુક્ત પૂર્વાભિમુખ મંદિર એના રચનાકાળની ભવ્યતાનું દર્શન કરાવે છે. સોલંકી કાળની શિલ્પકળાનાં ઓસરતાં પૂરની પ્રતીતિ તેમ જ ચૌદમા સૈકાના અંતે મૂર્તકળામાં પ્રવેશેલું ભદ્દાપણું પંદરમા સૈકાનાં આ મંદિરનાં શિલ્પોમાં જોવા મળે છે. તેમ છતાં ક્યાંક કંડારની સુંદરતા અવશ્ય સ્થિત છે. જે પરંપરિત શિલ્પશૈલીનું પ્રમાણ છે. સમુદ્રમંથનના પ્રસંગનું શિલ્પ આનું ઉત્તમ નિદર્શન પૂરું પાડે છે (જુઓ ચિત્ર). વળી શિલ્પીના પરિશ્રમનું આ સુફળ છે. હાટકેશ્વર મંદિરની બાજુનું વિશ્વેશ્વરનું મંદિર તેના કરતાં સવિશેષ પ્રાચીન હોવાનું કહેવાય છે. માત્ર ગર્ભગૃહયુક્ત આ એકાંગી મંદિર શિખર, આમલક અને કલશયુક્ત છે. આ જ કદાચ નાગરોના ઇષ્ટદેવ હોય. નાગરો સમૃદ્ધ થતાં આજનું હાટકેશ્વર મંદિર બનાવાયું હોય!

શિલ્પ-સ્થાપત્યની દૃષ્ટિએ હાટકેશ્વર મંદિર સંપૂર્ણ શાસ્ત્રીય પદ્ધતિએ બનાવાયેલું છે. એમાં ગર્ભગૃહ, પ્રવેશદ્વાર, મંડપ અને શિખરનો સમાવેશ થાય છે. મંદિરના મંડોવર પર સુન્દર શિલ્પાકૃતિઓ છે. નવગ્રહ ને દિક્પાલ ઉપરાંત મુખ્ય દેવોનાં શિલ્પો છે. જંઘામાં શૃંગારમૂર્તિઓ પણ છે. પૌરાણિક પ્રસંગોનાં શિલ્પો, કૃષ્ણજીવનનાં શિલ્પો તેમજ આયુધસજ્જ અશ્વારોહી પાંચ પાંડવોની શિલ્પાકૃતિઓ નયનરમ્ય છે. ગતિશીલ અશ્વ પર વિરાજમાન અર્જુનનું શિલ્પ ને મૂછવાળા ગદાધારી ભીમનું શિલ્પ સુંદર છે. ભીમના પરાક્રમનું એક શિલ્પ વિશેષ ઉલ્લેખનીય છે. આંબલીપીપળીની રમતમાં વૃક્ષ પર ચડેલા કૌરવોને પકડવા માટે ભીમ સમગ્ર વૃક્ષને હચમચાવી મૂળ સહિત ઉખેડીને કૌરવોને જમીનદોસ્ત કરે છે તે પ્રસંગનું આ શિલ્પ શિલ્પકારની કલાચાતુરીનું દ્યોતક છે (જુઓ ચિત્ર). વેદિકા પર દશાવતાર પૈકીના મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, રામ, પરશુરામ ને કૃષ્ણ એ આઠ અવતારોનાં શિલ્પો છે. (દશાવતાર લેખમાળામાં જે ક્રમશઃ પ્રકટ થયાં છે.) એ દરેક શિલ્પ પુરાણોક્ત મૂર્તિઅંકન મુજબ કંડારાયેલું છે. વેદિકા પરનું સમુદ્રમંથનનું શિલ્પ કળાનો ઉત્તમ નમૂનો છે. દેવ-દાનવોની સંધિ રૂપ સમુદ્રમંથનના પૌરાણિક પ્રસંગનું અંકન આ શિલ્પમાં છે. મંદરગિરિ પર્વત, રજ્જુ રૂપ વાસુકિ નાગ, અવતારી વિષ્ણુના પ્રતીક સમ કૂર્મ, દેવ-દાનવો એમ સઘળું પથ્થરમાં અંકિત છે (જુઓ ચિત્ર). મંથન અંતે પ્રકટેલા ગજરાજ ઐરાવત, ઉચ્ચૈઃશ્રવા અશ્વ, અમૃતકુંભ ઇત્યાદિનું અંકન પણ કરવામાં આવ્યું છે. પૌરાણિક પ્રસંગનું આ શિલ્પ હાટકેશ્વર મંદિરની શિલ્પ-કળાની સપ્રમાણતાને અભિવ્યક્ત કરે છે.

આનર્ત – ઉત્તર ગુજરાતમાં આજે ત્યાજ્ય રૂપ પડેલા પ્રાચીન નગર વડનગરનું ભવ્ય તોરણ અને હાટકેશ્વરનું મંદિર કળાપરંપરાનો નિર્દેશ કરે છે. છેક પંદરમા સૈકા સુધી વડનગર મહત્ત્વનું સ્થળ રહ્યું હોવાની પ્રતીતિ હાટકેશ્વરનાં શિલ્પો કરાવે છે. □

અનુસંધાન] **કલાવાર્તા** [પૃ. ૫૦થી

સંગીતના પ્રભાવમાં એમને અપાર શ્રદ્ધા છે. બાળલકવાના એક દર્દી દિલીપને તબલાંવાદન શીખવીને તેના જકડાઈ ગએલા અંગમાં પુનઃ ચેતના આણ્યાનું દૃષ્ટાંત એમની પાસે મોજૂદ છે. આ શિષ્ય તો બીજાને પણ તબલાં શીખવે છે. આવો જ એક બીજો શિષ્ય પણ એમની પાસે તાલીમ લઈ રહ્યો છે.

જુગલબાબા નામે ખ્યાત એમના પુત્ર હર્ષદ ત્રિવેદીમાં પણ પિતાના સંગીતનો વારસો ઊતર્યો છે. એમના એક શિષ્ય એસ. બી. જૉર્ડાન પાકિસ્તાનમાં જાણીતા પાર્શ્વગાયક છે. અગાઉ તેઓ પંડિતજીના 'મૉડર્ન ઑરકેસ્ટ્રા'માં ગઝલો ગાતા હતા. આકાશવાણીના બંસરીવાદક શિવકુમાર પુંજાણી, સંગીત નિર્દેશક સી. અર્જુન, ગિટારિસ્ટ સી. લક્ષ્મીચંદ, રેડિયો-ટી. વી. પર અવારનવાર ચમકતાં સી. જે. દવે, વિદ્યા ગુરુબક્ષાની, પારુ ઉદવાણી, ઝરિના મિસ્ત્રી, રામ નવાણી ને બાળકલાકાર રાજેશ પારેખ વગેરે એમનાં શિષ્યો છે.

પતિયાલા ઘરાનાના ઉસ્તાદ મુબારકઅલીખાંની અનેક બંદીશો સાંભળવાથી અને પં. ઓમકારનાથની સંગતમાં રહેવાનો પણ અનેક વખત લાભ મળ્યો હોઈ એ બંનેનો પ્રભાવ પણ એમની ગાયકીમાં જોવા મળે છે. ફિલ્મી સંગીત પ્રત્યેનું આજનું ઢળતું વલણ એમને જચતું નથી, અને મીઠાશના ભોગે તાનપલટાના અતિરેક પણ એમને પસંદ નથી.

પોતાના વર્ગમાં માસના દર ત્રીજા રવિવારે તેઓ પોતાના શિષ્યોના કાર્યક્રમો યોજે છે. સભ્યપદ મેળવીને આ કાર્યક્રમો સાંભળવાની સગવડ પણ એમણે કરી છે. આવા કાર્યક્રમો દ્વારા તેઓ શિષ્યોમાં આત્મશ્રદ્ધા વધારે છે. □

પં. રામચંદ્ર ત્રિવેદી

જયશ્રી ઠક્કર



કરાંચીમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન યોજાયું હતું. સ્વ. પં. ઓમકારનાથ ઠાકુર પણ ત્યાં હતા. કરાંચીના એક અચ્છા સંગીતજ્ઞ ગુંસાઈ બાવાજી કલ્યાણભારતીએ પોતાના એક પટ્ટશિષ્ય રામચંદ્રને એમની સેવામાં મોકલ્યા હતા. એક વાર એકાંત મળતાં એ રામચંદ્ર એક ખંડમાં બેસી ટોડી ગાતા હતા. એવામાં પં. ઓમકારનાથજી ત્યાં આવી ચડયા. ખંડમાંથી ટોડીના સ્વરો સાંભળી તેઓ બહાર જ થંભી ગયા. અર્ધાએક કલાકે ગાયન પૂરું થયું ત્યારે એ બોલી ઊઠયા, 'ઓમકારનાથ બહાર છે કે અંદર?' રામચંદ્રના ગાયન પર તેઓ ખુશ થઈ ગયા હતા.

આ રામચંદ્ર તે મુંબઈમાં દાદર મુકામે 'કલ્યાણ સંગીત વિદ્યાલય' ચલાવતા. પં. રામચંદ્ર ત્રિવેદી. જામનગર નજીક એક નાના ગામમાં ઈ. ૧૯૧૨માં એમનો જન્મ થએલો. બચપણથી જ સંગીતમાં ઊંડો રસ, પણ રીતસર સંગીતની તાલીમ લેવા જેવી આર્થિક સ્થિતિ નહોતી. એવી નાણાંભીડ લાંબા સમય સુધી ભોગવવી પડેલી. ત્યારે યોગક્ષેમ અર્થે તેઓ હસ્તરેખાઓ જોતા. કરાંચીમાં ગુંસાઈ બાવાજી કલ્યાણભારતી પાસે સંગીત શીખતા એક સંબંધી પાસેથી એમના ગુરુની વારંવાર પ્રશંસા સાંભળવા મળતી એ પરથી ગુંસાઈ બાવાજી પાસે સંગીત શીખવાની તેમને ઉત્કટ મહેચ્છા જાગી. પોતાની આર્થિક સ્થિતિની જાણ કરવા સાથે એમણે પેલા સંબંધીને પોતાની ભલામણ કરવા વિનવ્યા ને એમની ઉત્કટતા જોઈ ગુંસાઈ બાવાજીએ એમને શિષ્ય તરીકે સ્વીકારવા કબૂલ્યું. પણ ખાલી હાથે ગુરુ સમક્ષ જતાં એમને ક્ષોભ થતો હોઈ પાઈ-પાઈ બચાવીને ગુરુ માટે ફૂલહાર, શ્રીફળ, સાકરનો પડો અને સવા રૂપિયો લઇને ત્રણ મહિના પછી તેઓ ગુરુ સમક્ષ ઉપસ્થિત થયા.

છએક માસ પછી ગુરુનું અવસાન થયું, પણ તે દરમિયાન ગુરુએ એમને સ્વર અને સંગીતનું જે જ્ઞાન આપ્યું તેને તેમણે પં. વિષ્ણુદિગંબર પલુસ્કર તથા પં. ભાતખંડેના સંગીત વિષયક પુસ્તકોના અભ્યાસથી વધાર્યું અને મોડી રાત સુધી રિયાઝ કરીકરીને કેળવ્યું. પ્રારંભના એ કાળમાં સૂર મેળવવા એમની પાસે કોઈ સાજ પણ હતું નહિ. ખરીદી શકાય તેવી સ્થિતિ યે નહોતી. કોઈ પાસેથી એક 'બુલબુલ' મેળવેલું, તેમાં યે બે જ તાર હતા. નવા તાર લગાડવાનો ખર્ચ પણ પરવડે તેમ ન હોઈ એ બે તારથી જ એમણે કામ ચલાવ્યું. સંગીત માટેની ધૂન અને રિયાઝ પાછળનો પરિશ્રમ જોઈ ઘણા એમને ટોળમાં 'બીજો બૈજુ બાવરો' પણ કહેતા. પણ એ લગની ને પુરુષાર્થનું જે સુંદર ફળ આવ્યું તે તેમની મીઠી દર્દીલી ગાયકીમાં અને એમના બહોળા નામી શિષ્યસમુદાયમાં પ્રતિબિંબિત થાય છે. અનેકવિધ વાજિંત્રો પર પણ એમનો એવો જ સુદર કાબૂ છે. દાદાગુરુ પં. વિષ્ણુદિગંબર અને કાકાગુરુ પં. ઓમકારનાથના નામને ઉજાળે એવું એમનું સંગીતજ્ઞાન છે. ગુરુના જ આદેશથી એમણે મહેફિલોમાં ગાવાનું બંધ કરી સંગીતશિક્ષણને જ પોતાનું જીવનકાર્ય બનાવ્યું છે, અને ગુરુના જ નામથી ૧૯૪૦માં કરાંચીમાં સ્થાપેલા 'કલ્યાણ સંગીત વિદ્યાલય'-ની આજે તો દાદર ઉપરાંત માહિમ, અંધેરી અને જૂહુ સ્કીમમાં શાખાઓ પણ ચાલે છે.

આ સંગીત વિદ્યાલયની સ્થાપના પૂર્વે કરાંચીમાં 'મૉડર્ન ઑરકેસ્ટ્રા' નામે એક સંગીતજૂથ પણ રચેલું અને છેક (સિંધ) હૈદરાબાદ સુધી તેના કાર્યક્રમો આપેલા. એમ તો સાત વર્ષની વયથી તેઓ ગાતા અને ગીતો પણ રચતા. શાળામાં એક નાટકમાં જામનગર-નરેશ તરફથી બચપણમાં ઈનામ પણ મેળવેલું. કરાંચીમાં 'ભિખારણ' નામે એક નાટક પણ રજૂ કરેલું. કરાંચીમાં સુગમ સંગીતનો આરંભ એમના 'મૉડર્ન ઑરકેસ્ટ્રા' દ્વારા જ થએલો. દેશના ભાગલા પછી ૧૯૪૭માં એમણે જામનગરમાં સંગીત વિદ્યાલય ચલાવ્યું ને પછી એમનાં એક શિષ્યા રુક્મિણીબહેનના પિતા ટીપણદાસ કુંદનમલની પ્રેરણા ને સહકારથી તેમણે દાદરમાં સંગીત વિદ્યાલયની સ્થાપના કરી. એમના આ સંગીત-પ્રસારનાં પ્રત્યેક કાર્યમાં એમનાં સિંધી પત્ની સંગીતાબહેનનો પણ હમેશાં સાથ રહ્યો છે. તેઓ પણ પં. રામચંદ્ર પાસે જ સંગીત શીખેલાં. પ્રથમ પત્નીના અવસાન બાદ પં. રામચંદ્રએ સમાન રસ ધરાવતાં સમવયસ્ક શિષ્યા સાથે લગ્ન કર્યું.

સંગીત અંગે પ્રવર્તતી સમજ-અણસમજથી પ્રેરાઈ પં. રામચંદ્રએ 'અંદાઝા લગાઓ' નામે એક નાટક પણ રજૂ કરેલું, જેમાં કથા, સંવાદ, ગીત, સંગીત અને દિગ્દર્શનની જવાબદારીઓ પણ એમણે જ સંભાળેલી. એમ તો એમણે સંગીત દ્વારા ગુરુ નાનકની ગુરુવાણી, વલ્લભ સંપ્રદાયની વલ્લભવાણી, જૈનોની મહાવીરવાણી, સનાતનોની સંતવાણી, 'ગીત પહાડા રે'માં પંજાબ-હિમાચલનાં લોકગીતો, સિંધીમાં 'સિંધજી સુખડી' ગુજરાતી 'ગીત ગુર્જરી' અને ઉર્દૂની 'બ-એ-ગઝલ' તથા મરાઠી લોકગીતો પણ રજૂ કર્યાં છે. 'શ્યામ દીવાની'માં મીરાંનાં પદો અને 'આઓ હમતુમ ભીંજે'માં વર્ષાગીતોના કાર્યક્રમો પણ આપ્યા છે. 'આણલદે', શરદ પૂનમ', બાઇકો પાહિજે', 'બિખરે ફૂલ' વગેરે ફિલ્મોમાં અને 'પાણિગ્રહણ' નાટકમાં તથા 'દેશદ્રોહી' અને 'શ્રીમતી', 'નૃત્યનાટિકાઓમાં પણ એમણે સંગીત આપેલું. સંગીતના પ્રથમ વર્ષના અભ્યાસક્રમ માટે 'સંગીત કલ્યાણ' નામનું એક પુસ્તક પ્રકટ કર્યું છે ને તેના અનુસંધાને બીજું તૈયાર થાય છે. કેટલીક નવી રાગરચનાઓ પણ એમણે કરી છે અને સંગીતવિષયક બીજાં પુસ્તકો પણ તૈયાર કરી રહ્યા છે. (અનુ. સામેના પાને છેડે)

સાહિત્યસંપર્ક

આપણા તળપદા લાક્ષણિક શબ્દપ્રયોગો

જયંતીલાલ દવે

ભાષાનું બળ માત્ર શિષ્ટમાન્ય પ્રયોગોમાં જ નથી, તળપદા પ્રયોગોમાં પણ એ ભારોભાર છે. આજે તો બદલાતા જતા કાળમાં ઉત્તરોત્તર તેનો વપરાશ ઘટતો જઈ ઘણા સારા પ્રયોગો તો હવે લગભગ વિસરાઇ ગયા છે, અને એના તરફ આપણું ધ્યાન પણ ઘટતું જાય છે. ભાષાનું મુખ્ય પ્રયોજન વિચાર, લાગણી કે ભાવની અભિવ્યક્તિ છે. તેને સચોટ બનાવવા કેટલાક લાક્ષણિક પ્રયોગો છે, જે કેટલીક બાબતો સીધેસીધી કહેવામાં મનને સંકોચ થાય, આંચકો લાગે કે અરુચિકર પણ લાગે તેને વિવેકમર્યાદામાં રહીને સહજતાથી વ્યક્ત કરવા માટે આપણા લોકજીવનમાં ડહાપણ અને હૈયાસૂઝથી આવા અનેક પ્રયોગો પ્રચલિત થયા હતા અને હજી યે કેટલાક ટકી રહ્યા છે તેને જાળવી રાખવા જરૂરી છે, એટલું જ નહિ, એ તદ્દન ભુલાઈ જાય તે પહેલાં પુનઃ પ્રચલિત કરવા જેવા છે. આપણી સંસ્કારિતાને એથી ઓપ મળે એટલા એ ઉદાત્ત છે. ભૂલથી યે અમંગળ કે અશિષ્ટ ન ઉચ્ચારાય એવી આપણી ભાવનાથી પ્રેરાયેલા આ પ્રયોગોનાં થોડાં ઉદાહરણો તેની પ્રતીતિ કરાવશે.

દીકરી વિધવા થાય ત્યારે 'જમાઇ ગુજરી ગયા' કે 'દીકરી રાંડી' કે 'વિધવા થઈ' એમ બોલતાં જીભ કેમ ઊપડે? પણ આ માટે 'દીકરી દુખાણી' કહેવું કેટલું ભાવભર્યું લાગે છે? જમાઈના અવસાનનો ઉલ્લેખ પણ કર્યા વિના દીકરી પ્રત્યેની લાગણી વ્યક્ત થવા સાથે હકીકતની રજૂઆત થઈ જાય છે. વિધવા થયા બાદ સ્ત્રીનો ચૂડલો ભાંગવાની ક્રિયાને 'ચૂડીકરમ' કહે. આ જ રીતે ઘરનું મુખ્ય માણસ મૃત્યુ પામે તો કહેવાય એણે 'ગામતરું' કર્યું.' વીરમૃત્યુ પામે તો કહેવાય 'કામ આવ્યા' કે 'રૂડા દેખાણા.' યુવાન સ્ત્રીનું બાળક ગુજરી જાય ત્યારે કહેવાય કે 'એ તો ભગવાનને ઘેર રમવા ગયું.' મૃત્યુનો ઉચ્ચાર સુધ્ધાં કર્યા વિના તેમાં ખબર આપવા સાથે દિલાસો પણ ભળી ગયો નથી લાગતો?

વેપારીને મન દુકાન એ તો પોતાની જીવાદોરી. એને 'બંધ કરી' કેમ કહેવાય? એમાં તો ધંધો ભાંગી પડ્યાનો અશુભ ભાવ પણ આવે એટલે 'દુકાન વધાવી' એમ જ બોલે. દીવાનું તો આપણામાં મોટું માહાત્મ્ય. એને 'ઓલવી' ન નખાય, 'રાણો' કરાય. દીવો 'ઠરી ગયો' ન કહેવાય, 'રામ થઈ ગયો' કહેવાય. ચૂડલી કે બંગડી તો સૌભાગ્યનાં ચિહ્ન, એને 'ભાંગી' કે 'તૂટી' નહિ, પણ 'નંદવાઈ' કે 'નંદવાણી' કહેવાય. આપણામાં તો 'સાપ'નું યે માહાત્મ્ય છે. એ 'કરડ્યો' કહેતાં તો એનું ગૌરવ હણાય ને સાંભળનારને યે આંચકો લાગે, એટલે 'જીવડું અડી ગયું' અથવા 'એરુ આભડ્યો' એમ જ બોલાય.

'હાથ ધોવા'નું કહેવામાં તો અનેક અર્થ થઈ શકે. એટલે જમ્યા પછી 'હાથ ધોવાય' નહિ પણ 'ચળુ' કરાય. ધોવાનું તો શૌચ કરી આવ્યા પછી જ બોલાય. અફીણને ઘૂંટી ઘૂંટીને બનાવેલો 'કહૂં'(સૂં)બો' હોય તો કડવો, પણ તેની આપલે સાથે તો મીઠો પ્રેમ વણાયેલો, એટલે પીવરાવવાની વેળા 'કહૂંબો મીઠો કરો' એમ કહેવાય. રાતે મહેમાનને 'સૂઈ જાઓ' ન કહેતાં 'સુખરાત કરો' કહીને વિદાય લેવાય. દૂધ કે પાણી 'રેડ્યું' નહિ, 'નાખ્યું' કહેવાય. બાળકને 'દત્તક' લેવા માટે 'ખોળે બેસાડવો' એ શબ્દપ્રયોગ પણ કેટલો સાર્થ લાગે છે?

શુભ-અશુભની ભાવના પણ કેટલી સૂક્ષ્મ? મરનારનાં 'હાડકાં' નહિ પણ 'ફૂલ', 'માંસ' નહિ પણ 'માટી'. લગ્ન જેવા શુભ પ્રસંગે 'લાકડાં' નહિ પણ 'મગબાફણાં' બોલાય. 'લાકડાં' તો શબદહન માટે વપરાય.

'ઝાડા' થયા હોય તો 'હાથધોણું થયું છે' એમ કહે. બાળક ઓકે તે 'ભળ્યું' કહેવાય. 'શૌચ ગયા છે' એમ કહેવાને બદલે કહે 'કળશ્યે ગયા છે.'


સગર્ભા સ્ત્રીને 'બે જીવી' કે 'બે જીવસોતી' કહે. પ્રસૂતિની પીડાને 'પેટપીડ', સ્ત્રીપુરુષના લગ્નજીવન બહારના સંબંધને 'આડો વે'વાર' ને 'વેશ્યા' ન બોલતાં 'ગુણકા' કહે. લોકસમાજમાં સુધારાની બાહ્ય ચમકદમક ભલે ન દેખાય પણ વિવેકપૂર્ણ શિષ્ટતા તો તેમનામાં ઓતપ્રોત જોવા મળશે. 'કોકાણે' ગૂમડું થયું હોય તો એ અંગેનો નામોચ્ચાર ન કરતાં 'બેસવાની જગ્યાએ ગૂમડું થયું છે' કે 'સુંવાળી જગ્યાએ ફોડલી થઈ છે' એવું બોલશે.

લોકનારીને મન પોતાનું ઘર એટલે સર્વસ્વ. એને એ સદાય 'અભરે ભર્યું' જ વાંચ્છે. ત્યાં કંઈ ખૂટે તો એનો 'કાળીએ જીવ કપાય.' 'નથી' બોલતાં એની જીભ કેમ ઊપડે? ઘરમાં ઘી-તેલ કે કંઇ ન હોય તો એ નથી એમ ન કહે, 'ઝાઝું છે' એમ જ બોલે. 'ગોળો ખાલી છે' એમ કહેવાને બદલે 'ગોળામાં ગંગાજી આવ્યાં છે' એમ કહે. કહેનાર અને સાંભળનાર બંને એના અર્થ સમજે. ચૂલો 'સળગાવ્યો' નહિ પણ 'સંધરુકયો' કહે.

'ઢોરઉછેર' શબ્દ આપણને ગ્રામ્ય લાગશે એટલે 'પશુપાલન' કહીએ. આપણું લોકજીવન તેની સાથે સારી પેઠે સંકળાયેલું રહ્યું છે. એટલે એના સંદર્ભમાં ઘણી વાતો બાળકોની હાજરીમાં સ્પષ્ટ ન ઉચ્ચારતાં જુદી જ રીતે બોલાય. વળી, તેની સાથે લાગણીનો તંતુ પણ જોડાયેલો એટલે તેમની વાત કરવામાં યે વિવેક ભળે. બળદની 'ખોડ' ન જોવાય, 'શુકન' જોવાય, ખેતીનો એ મુખ્ય આધાર, એમાં ખોડ જોવાય? અને ગાય તો માતા બરાબર. માની કોઈ ખોડ જુએ ખરું? વળી, ગાય જ્યારે ખૂંટના મિલન માટે ઉસ્કેરાટમાં હોય ત્યારે એ જણાવવા કહે ગાય 'ઇશ્વર આવી છે.' અથવા 'ફાળે થઈ છે.' (ઘોડી હોય તો કહે 'ઠાણમાં આવી છે.') ગાયનો એ ઉસ્કેરાટ શમાવાય ત્યારે તે દર્શાવવા 'ભાંગ્યું ભર્યું' શબ્દપ્રયોગ છે. ઉત્તર ગુજરાતમાં 'આધી આવી ગઇ' એમ કહે છે. ગાયને ગર્ભ રહ્યાનું સૂચવવા 'ફળી ગઈ' કે 'ધીણોઇ ગઈ' કહે છે. હિંદીમાં 'ધન્ના ગઈ' એવો પ્રયોગ છે. ભેંસને માટે 'દાઇ ગઈ છે' એમ કહે છે. આ માટે ખૂંટ કે ઘોડો લાવવામાં આવે તે 'દેખાડવો,' 'દોરવવો' કે 'મેળવવો' કહે છે. બકરીને બોકડો 'દેખાડ્યા' પછી એ 'છંટાઈ ગઈ છે' એમ કહે. અશિષ્ટ કે અપશબ્દનો ઉચ્ચાર જ નહિ. ઘરની વહુ-દીકરી કે બાળકોની હાજરીમાં યે આવી વાતો ક્યારેક કરવી જ પડે તો તેમાં પૂરતી શિષ્ટતા જળવાઈ રહે. અરે, ગાય-ભેંસ પેશાબ કરે તો કહે "બળેળી કરે છે.' કે 'ઝરી' એમ કહે, અને પેશાબને કહે 'ઝરણ'. વાછરડાને 'ખસ્સી' કરી એમ ન કહેતાં 'ચોખ્ખા કર્યા' કહે, અથવા કહે 'કાંટા કાઢ્યા'. સૌરાષ્ટ્રમાં એને 'ગોધલો કર્યો' કહે છે.

અને આવા તો સંખ્યાબંધ પ્રયોગો છે. એનું ઉચ્ચારણ ગ્રામ્ય લાગે પણ તેની પાછળની ભાવના, વિવેક ને ઔચિત્યમાં શિષ્ટતા ભરી છે. આ 'લોકો'માં અક્ષરજ્ઞાન ભલે નહિ હોય પણ શિક્ષણ તો છે જ. આવા શબ્દો વિસરાઈ ન જાય એ આપણે જોવું જોઇએ □

ખરતા તારાને: મહદંશે ગાંધીયુગીન કવિતા અને અલ્પાંશે સ્વાતંત્ર્યોત્તરકાલીન કવિતાના સ્વ. પ્રહ્લાદ પાઠકના આ મરણોત્તર કાવ્યસંગ્રહમાં એમની કાવ્યસમજ અને કવિપ્રતિભાનો પરિચય થાય તેવાં કેટલાંક કાવ્યો જાણે વાચકો સમક્ષ મોડાં પડ્યાં હોય તેમ લાગે છે. કવિની કલમનિષ્ઠા અહીં અછતી રહેતી નથી. (મુ. વિ. ગૂર્જર, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૧૮૦, રૂ. ૩૦)



મધુકરી

પરાગ જો અંતરમાં હશે તો
એ પાંગરીને કદી પુષ્પ ખીલશે;
મનોરથો સ્વપ્ન મહીં હશે તો,
સિદ્ધિ રૂપે કાર્ય વિશે જ જન્મશે.

—ઉમાશંકર જોશી

પ્રાચીન રાજ્યાધિકારીઓ : મહામાત્ય

પ્રાચીનકાળથી ભારતમાં રાજ્યના સુવ્યવસ્થિત વહીવટ માટે વિભિન્ન અધિકારીઓ નીમવાની પરંપરા હતી. 'મનુસ્મૃતિ'માં સાત કે આઠ મંત્રી નીમવાનો ઉલ્લેખ છે. રામાયણ-મહાભારત તથા 'શુક્રનીતિ' પરથી આઠ મંત્રીઓ હોવાનું જણાય છે. એ પૂર્વે આ અંગે ચોક્કસતા નહોતી. શિવાજીનું અષ્ટ પ્રધાનમંડળ પૂર્વેની પ્રથાએ ઘડાયું હશે એમ અનુમાની શકાય છે.

અમાત્ય અર્થાત્ રાજ્યના કોઈ એક ખાતાનો વડો. મહામાત્ય અર્થાત્ સહુથી વરિષ્ઠ અમાત્ય. 'મનુસ્મૃતિ'માં એને માત્ર અમાત્ય કહ્યો છે. કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર' મુજબ 'અમાત્ય' એ રાજસેવકોનો વર્ગ હતો, જેમાંથી રાજ્યાધિકારીઓની પસંદગી કરાતી. રાજ્યાધિકારીઓને જ અમાત્ય કહેવામાં આવતા. મંત્રી અને અમાત્ય ઉભય ભિન્ન હતા. પરન્તુ પાછળથી 'અમાત્ય' શબ્દ માત્ર મંત્રીનો સમનાર્થી બની ગયો.

ભારદ્વાજ અને પરાશર મુનિએ 'અમાત્ય' રાજાનો મિત્ર હોવો જોઈએ એવું સૂચવ્યું છે. જેથી એ રાજા અને રાજ્ય બંનેનું હિત વિચારી શકે. એ મહદ્અંશે બ્રાહ્મણ હોવો ઘટે, છતાં ય તે પરિસ્થિતિ પર અવલંબતું. ગુજરાતમાં વાઘેલાકાળમાં જૈન મહામાત્ય હોવાનું જણાય છે. કૌટિલ્યના મત મુજબ અમાત્ય પદ સમયોચિત યોગ્યતા ધરાવનારને આપવું ઘટે. છતાં ય મહામાત્ય પદ સહસા ન આપવું જોઈએ. મહામાત્ય બુદ્ધિશાળી, કોઠાસૂઝ ધરાવનાર, દીર્ઘદૃષ્ટિવાળો, રાજ્ય પ્રતિ વફાદાર, શુભચિંતક ને વહીવટકુશળ હોવો જોઈએ. 'સ્વપ્નવાસવદત્તા' નાટકના નાયક ઉદયન રાજાનો મહામાત્ય યૌગંધરાયણ તેની અપૂર્વ સ્વામીભક્તિથી સુપ્રસિદ્ધ છે. મહામાત્ય પાસે રાજ્યની મહામુદ્રા રહેતી. આથી ચાલુક્ય કાળના અભિલેખોમાં તેને 'શ્રી કરણાદિ સમસ્ત મુદ્રાવ્યાપારાન્યપરિપંથયતિ' કહેવામાં આવ્યો છે.

મહામાત્યને મહામંત્રી પણ કહે છે. મૂલરાજના મહામાત્ય જમ્બકને 'દ્વયાશ્રય'માં મહામંત્રી રૂપે ઓળખાવ્યો છે. ગુપ્તકાળમાં મહામાત્યોને 'કુમારામાત્ય' તરીકે પણ ઓળખાવવામાં આવ્યો છે. ફ્લિટ 'કુમારામાત્ય'નો અર્થ 'યુવરાજનો અમાત્ય' એવો આપે છે. જ્યારે બ્લૉખ 'નાનપણથી જ રાજકીય સેવામાં રહેનાર' એમ દર્શાવે છે. અભિલેખોની આંતરતપાસ કરતા 'કુમારામાત્ય'નો અર્થ 'અમાત્યના રૂપમાં રાજકુમાર' પણ થઈ શકે છે. આમ, ગુપ્તકાલીન 'કુમારામાત્ય' અનેકવિધ સત્તા ભોગવતો અધિકારી હોવાનું જણાય છે. અલબત્ત, તેની કોઈ નિશ્ચિત પ્રથા-પરંપરા નહોતી. ક્યાંક તે અન્ય અધિકારી નીચે પણ કાર્ય કરતા. છતાં ય 'કુમારામાત્ય' અધિકાર મહામાત્યને સમકક્ષ લેખવાનાં પૂરતાં કારણો છે. મંત્રીઓમાં મુખ્ય એ કુમારામાત્ય. શિખરસ્વામી ચંદ્રગુપ્તનો કુમારામાત્ય હતો.

મુખ્ય સૂબો પણ મહામાત્ય જેવો અધિકારી જણાય છે. મહામાત્યના સ્થાને 'પ્રધાનામાત્ય' શબ્દનો વિનિયોગ પણ થયો છે. પાલિ સૂત્રમાં મહામાત્યને 'અગ્ર-મહામાત્ર' કહ્યો છે. જ્યારે અશોકના શિલાલેખમાં કેવળ 'મહામાત્ર' કહેવામાં આવ્યો છે. 'શુક્રનીતિ' મંત્રિન્ સંજ્ઞા આપે છે. 'મહાદંડનાયક' એવો જ હોદ્દો જણાય છે. ઈરાનના રાજવી દરાયસુના બેહેસ્તુન પર્વતના શિલાલેખમાં ઉલ્લેખાએલ ક્ષત્રપાવન-ક્ષત્રપ અમાત્યનો સમનાર્થી છે. જ્યારે મહામાત્ય માટે 'મહાક્ષત્રપ' સંજ્ઞાનો વિનિયોગ થયો છે. વહીવટી કુશાગ્રતા ઉપરાંત કેટલાંક મહામાત્યો એમની વિદ્વત્તાથી આજપર્યંત ખ્યાત છે. કૌટિલ્યનું 'અર્થશાસ્ત્ર', ધનપાલકૃત 'તિલકમંજરી', આસકકૃત 'વિવેકમંજરી', વસ્તુપાલ રચિત 'નર-નારાયણાનંદ' મહાકાવ્ય ઈ. કૃતિઓ તેઓની વિદ્યાનુરાગી વૃત્તિના નિદર્શન રૂપ છે.

—પ્રફુલ્લ રાવલ



કાઈવાનની ટપાલટિકિટો પર મ્હોરાં.
(પ્રેષક - કિશોર મીઠાઈવાળા • દ્વારકા)

ઇતિહાસ-ધારા

અશોક હર્ષ

સત્તાવનના સ્વાતંત્ર્યવિપ્લવ વખતે વડોદરાના મહારાજા ખંડેરાવનો તો અંગ્રેજ સરકારને ડર નહોતો, પણ એમના નાના ભાઈ મલ્હારરાવની એમને ભારે બીક રહેતી, એટલે તો એમને પાદરામાં નજરકેદ રાખેલા. પરંતુ ખંડેરાવ નિ:સંતાન ગુજરી જતાં મલ્હારરાવને ગાદીએ બેસાડ્યા વિના છૂટકો ન રહ્યો. મલ્હારરાવે ગાદીએ આવતાં જ સ્વાતંત્ર્યવિપ્લવમાં ભાગ લેનારાઓને જમીનજાગીર આપવા માંડી, જ્યારે એ વખતે અંગ્રેજોને સાથ આપનારા દેશદ્રોહી વેપારીઓ, અમલદારો વગેરેને એક યા બીજી રીતે દંડવા માંડ્યા અને કેટલાક અમલદારોને તો પદભ્રષ્ટ પણ કરી નાખ્યા. એટલું જ નહિ, બ્રિટિશ રેસિડન્ટના જીહજૂરિયા દીવાન સુધ્ધાંને દૂર કરી દાદાભાઈ નવરોજીને દીવાનપદે મૂક્યા. અંગ્રેજોને આ કડવો ઘૂંટડો ગળી ગયા વિના છૂટકો નહોતો, કારણ એ બધી મલ્હારરાવના અધિકારની વાત હતી.

પરંતુ રેસિડન્ટે પણ મલ્હારરાવને જંપવા ન દીધા. એમની સામે અનેક તહોમતો રજૂ કરતાં એ અંગે એક તપાસ-કમિશન બેસાડવામાં આવ્યું. તપાસમાં બધાં તહોમતો નાપાયાદાર ઠરતાં કમિશને ખુદ રેસિડન્ટ પર મલ્હારરાવના શાસનમાં બિનજરૂરી હસ્તક્ષેપ કરવાનું તહોમત મૂક્યું, પરંતુ અંગ્રેજો મલ્હારરાવને કોઈ પણ ઉપાયે દૂર કરવા માગતા હતા, એટલે રેસિડન્ટ કર્નલ ફેરે પાંચ જૂઠા સાક્ષી ઊભા કરી મલ્હારરાવે પોતાને ઝેર આપી મારી નાખવાનો પ્રયત્ન કર્યાનો આરોપ તેમના પર મૂક્યો.

આ આરોપ સામે પોતાની નિર્દોષતા પુરવાર કરવા માટે મલ્હારરાવને સાથ આપવા કોઈ વકીલ તૈયાર ન થયો. મુંબઈના પોલીસ વડાએ તો ખુલ્લે ખુલ્લો પડકાર ફેંક્યો કે મલ્હારરાવને સાથ આપનારની ખેર રહેવા નહિ પામે. આથી મલ્હારરાવે ઇંગ્લૅંડથી પોતાનો દાવો લડવા વકીલની શોધ ચલાવી, પણ અંગ્રેજોએ એ પહેલાં જ ત્યાંના વકીલોને જણાવી દીધેલું કે સત્તાવનના વિપ્લવમાં અંગ્રેજો સામે પડનાર આ હિન્દુસ્તાની રાજવીનો કેસ કોઈ વકીલ હાથ ન ધરે.

બધા વકીલોએ નન્નો સંભળાવી દીધા પછી મલ્હારરાવે વકીલ માટે ઇંગ્લૅન્ડ મોકલેલા એમના મિત્રે છેવટે ત્યારના પ્રસિદ્ધ બૅરિસ્ટર સાર્જન્ટ વેલેન્ટાઈનની મુલાકાત લીધી. પરંતુ વેલેન્ટાઈનનો પુત્ર બ્રિટિશ પાર્લામેન્ટનો સભ્ય હોઈ તેણે પણ મલ્હારરાવનો કેસ હાથ ધરવાની ના પાડી દીધી. આમ બધી બાજુથી નાસીપાસ બનેલા મિત્રે વિચાર્યું કે હવે શું મોં લઇને મલ્હારરાવ પાસે જવું, એટલે કેસનાં બધાં કાગળિયાં વેલેન્ટાઈનની ઑફિસમાં જ પટકીને તે ત્યાંથી ચાલતો થયો.

પાછળથી વેલેન્ટાઇને કુતૂહલવશ બની એ કાગળિયાં ઉથલાવવા માંડતાં તેને એ જાણીને આશ્ચર્ય થયું કે મલ્હારરાવ ખરેખર નિર્દોષ હતા અને અંગ્રેજ સરકાર એમને કોઈ પણ રીતે ફસાવવા જ માગતી હતી. એમનું ન્યાયપ્રિય હૃદય આ સામે ઊકળી ઊઠ્યું. એક બાજુ સરકારની ધાક, બીજી બાજુ પોતાનો પુત્ર મુસીબતમાં મુકાઈ જવાની બીક, છતાં ન્યાયને ખાતર એ ખુદ પોતાને ખર્ચે હિન્દુસ્તાન આવી પહોંચ્યો. મલ્હારરાવનો મુકદ્દમો ચાલુ જ હતો ત્યાં તેના બચાવમાં બ્રિટનના આ ખ્યાતનામ બૅરિસ્ટરને એકાએક આવી પહોંચેલો જોઈ ભારે સનસનાટી ફેલાઈ ગઈ. વેલેન્ટાઇને મલ્હારરાવ સામેનું આખું ષડ્યંત્ર ખુલ્લું પાડી સરકારની બોબડી બંધ કરી દીધી.

પરંતુ અંગ્રેજોએ મલ્હારરાવ સામેની કિન્નાખોરીનો ત્યાગ ન કરતાં છેવટે તેમની પાસેથી ગાદી છોડાવી. બૅરિસ્ટર વેલેન્ટાઈન એમનો મુકદ્દમો જીતીને ઇંગ્લૅન્ડ પાછા ઊપડતાં મલ્હારરાવે એમને દસ હજાર ગિનીઓ ધરી, પરંતુ વેલેન્ટાઇને એમાંની એક પણ ગિની સાથે ન લઈ જતાં સન સત્તાવનના શહીદોનાં નિરાધાર કુટુંબીઓમાં વહેંચી દીધી.

આ ન્યાયપ્રિય અંગ્રેજની ન્યાયી લડતનું પરિણામ શું આવ્યું? બ્રિટિશ સરકારે એમની બૅરિસ્ટરીની સનદ પાછી ખેંચી લઈ એના પર કેસ કર્યો, એના પુત્રનું પાર્લામેન્ટનું સભ્યપદ રદ કર્યું, અને ક્રોધે ભરાયેલા લોકોએ એનું મકાન સુધ્ધાં સળગાવી દીધું. એને છેવટે ઇંગ્લૅંડ છોડી ફ્રાન્સ નાસી જવું પડ્યું, જ્યાં ઈ. ૧૯૦૪માં એ મૃત્યુ પામ્યો.

મથુરાના માન કવિ પંજાબકેસરી રણજિતસિંહની મુલાકાત માટે લાહોર પહોંચ્યા ત્યાં એક અધિકારીએ તેમને દરબારમાં પ્રવેશ કરતા અટકાવ્યા. 'કંઈ નહિ, મહારાજા દરબાર બરખાસ્ત કરી બહાર આવશે ત્યારે તેમને મળી લઈશું.' કવિ માન બોલ્યા.

'મળીને પણ છેવટે તો ખુશામદ જ કરવાનાને?' અધિકારીએ ટોણો માર્યો.

'હું કવિ છું, ભાટચારણ નથી.' માને જવાબ આપ્યો.

'તો શું સાચેસાચું બોલશો? બોલો, મહારાજા એક આંખે કાણા છે તે એમને મોઢે કહી સંભળાવવાની હિંમત છે?'

'ચોક્કસ વળી!' કવિએ જવાબ આપ્યો.

અધિકારીએ તેમને દરબારમાં પેશ કર્યા અને કવિ માને લલકાર્યું:

'ઔરનકી દો દો ભઈ વે અખિયાં કેહિ કાજ?
તેરી એક હિ આંખ મેં કોટિ આંખ કી લાજ.'

મહારાજા રણજિતસિંહે આ પર ખુશ થઈ ઊઠી કવિ માનને સારી રીતે નવાજ્યા, એટલું જ નહિ, પણ એમની હિંમત પર વારી જઈ, એમને દરબારમાં પ્રવેશતા અટકાવનાર અધિકારીએ પણ પોતાની શક્તિ મુજબનો પુરસ્કાર કવિને આપ્યો.

બીજા એક અનામી બ્રાહ્મણ કવિ વિષે પણ આવી એક કિંવદંતી ચાલુ છે, જેણે રણજિતસિંહને સંભળાવેલો આ દુહો નોંધાયેલો છે:

'તેરી ઈક્કી અખ્ખ સુલખ્ખણી જિન લખ્ખીં તારે,
તેનુ ઝુકઝુક કરેન સલામાં દો અખ્ખિયાંવાલે.'

આવું જ બીજું એક ઉદાહરણ કવિ સૂરત મિશ્રનું છે. એમને ગ્વાલિયરના મહારાજા માધોજી સિંધિયાના દરબારમાં પ્રવેશતા ત્યાંના એક અધિકારીએ અટકાવીને કહ્યું, 'મહારાજાનું લંગડાપણું તેમના મોઢે કહી સંભળાવો તો અંદર પેસવા દઉં, સૂરત મિશ્રે તે કબૂલ કર્યું.

બીજે દિવસે તે દરબારમાં પહોંચ્યા. માધોજી સિંધિયા એક વીર પુરુષ હતા અને આખા ભારતમાં તેમની હાક વાગતી. દિલ્હીના મુગલ સમ્રાટ પણ તેમના પ્રભાવ હેઠળ રહેતા. અનેક યુદ્ધો તેમણે ખેલેલાં, અને એમાંના એક યુદ્ધમાં જ એક પગ ગુમાવેલો. સૂરત મિશ્રે તો દરબારી વિવેક સાથે મહારાજા સામે ખડા રહી લલકાર્યું, જેનો ભાવાર્થ એ હતો કે એક પગ નીચે સાગર અને ધરા તમામ દબાવી દીધા પછી વસુધા પર બીજો પગ મૂકવાની જગ્યા ક્યાં છે?

'એક હી પાંવ તે સિંધિયા સાહબ
સાગર લૌં સબ દાબ ધરા હૈ,
ઉત્તર દક્ખિન પૂરબ પચ્છિમ
લંકપતિ મનમાંહિ ડરા હૈ
દૂસરે પાંવ કો હૈ વસુધા કિત,
સોચ યહી બિધિ તાહિ હરા હૈ,
'સૂરત' સખી સુદીપન મેં
જગ જીતનહાર તુહી લંગરા હૈ.

મહારાજા માધોજી સિંધિયા પોતે પણ કવિ હોઈ સૂરત મિશ્રની આ કવિતાને એમણે માનભેર પુરસ્કારી.

કુળ વિશાળ તેથી શું, શીલ જ માત્ર કારણ,
જીવડાં શું નથી થાતાં સુગન્ધી કુસુમો મહીં ?

મૂ નામે એક ધનવાન આરબે મરતી વેળા પોતાના મિત્ર અબ્બાસને ભલામણ કરેલી કે મારી બધી દોલત આ પટારામાં ભરી છે તે આખા દેશમાં સૌથી સંતોષી ને સુખી માણસ હોય તેને શોધીને આપજો. તે મુજબ અબ્બાસે ગામેગામ ખબર મોકલવાથી એટલા સંખ્યાબંધ માણસો એ વારસો લેવા આવવા માંડ્યા કે તેમાંથી મહામુસીબતે બાર મહિને એક માણસ પસંદ થયો. તેને વારસો સોંપવા, એક મોટા મેદાનમાં કુતૂહલભર્યા લોકોનાં ટોળાંની વચ્ચે પેલો પટારો ઉઘાડતાં અંદર મોટા પથરા ભરેલા નીકળ્યા; માત્ર પટારાના ઢાંકણાની અંદરની બાજુ મોટા અક્ષરે લખ્યું હતું: 'તું જો ખરેખરો સંતોષી ને સુખી હોત તો મારા વારસાની ઇચ્છા ન કરત.'

∞

ગણિત-ગમ્મત

$૮૧ - ૧૮ = ૮^{૨} - ૧^{૨}$

$૭૨ - ૨૭ = ૭^{૨} - ૨^{૨}$

$૬૩ - ૩૬ = ૬^{૨} - ૩^{૨}$

$૫૪ - ૪૫ = ૫^{૨} - ૪^{૨}$

—સુરેશચંદ્ર ટી. ઠાકર

पात्रं न तापयति नैव मलं प्रसूते
स्नेहं न संहरति नैव गुणान् क्षिणोति
द्रव्यावसान-समये चलतां न धत्ते
सत्पुत्र एष कुल-सद्मनि कोऽपि दीपः ॥

સુપુત્ર એ તો કુળ-રૂપી ઘરનો એક અદ્ભુત દીવડો છે, જે પોતાના પાત્રને તપાવતો નથી, મલિનતા પણ પેદા કરતો નથી. સ્નેહ (તેલ)નો વિનાશ કરતો નથી. ગુણ (વાટ)નો નાશ કરતો નથી, દ્રવ્ય (તેલ)ની સમાપ્તિ થતાં ચંચળ થતો નથી.

∞

ગ્રૅનેડાના શાહજાદા યુસુફને તેના ભાઈ મુહમ્મદ સાતમાએ શિરચ્છેદની સજા કરી હતી, પણ મરતાં પહેલાં કેદખાનામાં શતરંજની એક બાજી પૂરી કરી લેવાની તેને છૂટ આપવામાં આવી હતી. આ બાજી એટલી લાંબી ચાલી હતી કે મુહમ્મદ મરી ગયો ત્યાં સુધી એ પૂરી થઈ નહોતી, અને પછી તો યુસુફ ત્રીજા તરીકે એ કેદી શાહજાદો પોતે ૧૪૦૮માં ગ્રૅનેડાનો રાજા બન્યો.



કલાકણિકા : કાષ્ઠકોતરણી એ દુનિયાભરમાં પ્રચલિત અને કદાચ સૌથી જૂની કલા-કારીગરી છે. સાએનાના ઍન્ટોનિયો બેરિલી નામના ૧૫મી સદીના એક કલાકારે કાષ્ઠમાં કોતરેલી આ ફ્રેઈમનો ઉપયોગ તો છે માત્ર ચિત્ર કે છબિ મઢવાનો પણ તેણે તેને કેટલી શોભનખચિત કરી છે!